॥ श्री जिनेन्द्राय नमः ॥

મહાસતીજી શ્રી જડાવબાઈ સ્વામિનું

ટુંક જીવન ચરિત્ર.

સંતોકબાઈ સંજમ મહાત્મ્ય.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહેતા રવજીભાઈ નાગજીભાઈ

મોટી વાવડી. તાબે મોરબી.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

કીંમત બે આનાનો.

॥ श्री जिनेन्द्राय नमः ॥

મહાસતીજી શ્રી જડાવબાઈ સ્વામિનું

ટુંક જીવન ચરિત્ર.

ઉર્ફે

સંતોકબાઈ સંજમ મહાત્મ્ય.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહેતા રવજીભાઈ નાગજીભાઈ

મોટી વાવડી. (તાબે મોરબી.)

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૦. સને ૧૯૧૪.

કીંમત બે આના.

શ્રી 'સત્યનારાયણ' પ્રિન્ટિંગ પ્રેસમાં
પટેલ મોતીલાલ કાળીદાસે છાપી.
ઠેકાણું:—ડીસ્ટ્રીક્ટ કોર્ટ પાસે—અમદાવાદ.

અર્પણ પત્રીકા.

પુણ્ય પ્રભાવીક, સુજ્ઞ ધર્માનુરાગી, સ્વર્ગવાશી મુરબ્બી પીતાશ્રી નાગજીભાઇ નથુભાઇ મોરબી તાબે મોટી વાવડીના કામદાર.

આપ જ્ઞાતિમાં દીપક મણી તેમજ કુળ દીપક ચંદ્ર સમાન હતા. આપે ધર્મનું અભિમાન સારૂં રાખી, જ્ઞાતિ બંધુઓમાં તથા સ્વદેશી બંધુઓમાં પરદુઃખભંજન વિક્રમ જેવાં કાર્યો કરેલા છે. આપને મહાન્ વિદ્વાન, ધર્મ જ્ઞાનમાં પંડિત સમાન ગણીએ તો-પણ ચાલે, કારણકે આપે આપના જ્ઞાનથી મોરબી તાબે મોટી વાવડીમાં કામદાર તરીકે આપની જીંદગી પુરી કરી છે બાદ આ-પના પૂર્ણ સંતોષને લઇને મે. દરબાર સાહેબે મારી કામદાર તરીકે નીમણુંક કરેલ. હાલ હું કરાંચી ગયેલ છુ તોપણ દરબારશ્રી પોતાની લાગણી આપના કુટુંબ પર જેવી ને તેવીજ રાખે છે. આ બધું આપ તરફના સંપૂર્ણ સંતોષનુંજ પરિણામ છે, ને તે યાદ આવતાં મારી આંખમાંથી અશ્રુધારા વહે છે.

આપનો પ્રેમ મારા તેમજ સગાસંબંધીઓ, તથા જ્ઞાતિ ભાઇ-ઓ તથા મે. દરબારશ્રી તથા સર્વ માણસોના હૃદયમાંથી નીસરવા પામતો નથી. આપની કીર્તિ આ સ્વદેશ ભૂમિમાં એક દીવાની માફક જામી રહી છે. આવા આપના અનેક ગુણોથી આકર્ષાઇ, આ 'જડાવબાઇ જીવન ચરિત્ર' નામનું પુસ્તક આપ વડિલશ્રીનેજ અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી. વીરહાગ્નિથી પીડાએલ છોરૂ.

રવજીભાઇ નાગજીભાઇ મહેતા.

પ્રસ્તાવના.

આ પુસ્તકમાં પ્રથમ મહા પવિત્ર ગુણવંત ગુણના ભંડાર બાળ બ્રહ્મચારી મહાસતિજી શ્રી ૭ શ્રી કડીબાઈ સ્વામિનાં ચેલી મહાસતિજી શ્રી જડાવબાઈ સ્વામિનું ટુંક જીવન ચરિત્ર તથા દીક્ષા મહોત્સવની ધામધુમ વિગેરેનું વર્ણન ગદ્યપદ્યમાં વર્ણવવામાં આવ્યું છે, તથા સંજમ ગ્રહણ કરવાની ઇચ્છા, વડિલો તથા ગુરૂ ગોરાણીએ કસોટી કરતાં કેવી રીતે સંતોષ આપ્યો: વિગેરે વર્ણન બતાવેલું છે. બંધુઓ ! કહ્યું છે કે,

દોહરો:—કવિતા વિદ્યા ચાતુરી, સઘળી વસ્તુ સ્હેલ;
કામ દહન મન વશ કરણ, ગગન ચઢન મુસ્કેલ.

અર્થાત્:—મનને વશ કરવાનું કામ સૌથી અગત્યનું છે. આગળના વખતમાં જ્યારે માણસોના મન પવિત્ર, ધર્મવૃત્તિમાં સારી લાગણીવાળા હતા. ત્યારે એકી સાથે હજારો માણસો પોતાનું મન વશ કરી, દિક્ષા લઇ ચાલી નીકળતા. પણ હાલનો સમય આગળ કરતા હજાર દરજ્જે બદલાઇ ગયેલ છે, જેથી માણસનાં મન સ્થિર રહી શકતાં નથી. તો આવા વખતમાં સંસાર ત્યાગ કરી સંજમ ગ્રહણ કરવો તે બહુજ મુસ્કેલ છે, ને પ્રસંશાપાત્ર છે.

ધન્ય છે આ બાઇને કે જેઓએ આ સંસારને અસાર માની સંજમ ગ્રહણ કર્યો છે. આ શુભ પ્રસંગની યાદગીરી રાખવા ખાતર અમારી તેમજ સ્વધર્મી ભાઇઓની ખાસ લાગણી થવાથી આ પુસ્તક બહાર પાડેલ છે.

બંધુઓ ! અમારૂં આ '**જડાવબાઇ જીવન ચરિત્ર**' નામનું લઘુ પુસ્તક બહાર પડેલ છે, તેમાં ભૂલચૂક રહી ગયેલ હશેજ, પરંતુ સુજ્ઞ બંધુઓ હંસની માફક સાર ગ્રહણ કરી દોષનો ત્યાગ કરશેજ,

સૃષ્ટિની સપાટી પર તમામ મનુષ્યોની મનોવૃત્તિ કંઈ સારી હોતી નથી. પરંતુ વિશેષે કરીને આપણા જૈન બંધુઓમાં ઈર્ષાનો અંકુશ વધારે વીકારી ગયો છે. કોઇ પણ માણસનું ભલું થતું હોય યા તો કોઇ પણ સારૂં કામ આરંભતો હોય તો બીજા દ્વેષી માણસ ઉત્તેજન આપવા અને ખુશી થવાને બદલે તેમનાથી બની શકે તેટલી આડકતરી રીતે ચાલી સામાનું બૂરૂં કરવાના પ્રયત્નો કર્યા કરે છે. ઈર્ષા! તું અવનતિ કરનાર છો. તેં અમારી નાત, જાત, દેશ અને વેશને પુરી કમબખ્તીમાં નાંખ્યા છે, તેં ભ્રાતા સાથ ભ્રાતા, પીતા સાથ પુત્ર, મીત્ર સાથ મીત્રને માંહોમાંહે લડાવી પાયમાલ કીધા છે. હે અશુભ લક્ષણી! દુષ્ટ સંપખણી! ધિક્કાર છે તારા નામને, અને ધીટકાર છે તારા ભોગીને.

હે જગતતીર્યંતા જીનેશ્વરજી! અમે ખરા અંતઃકરણથી વિનંતિ કરીએ છીએ કે ઈર્ષા રૂપી પતીઅલ રોગથી અમારા જૈન બંધુઓને તથા સ્વદેશી ભાઇઓને મુક્ત કર, અને અમારા કરેલા કાર્યોને સહાય થા.

આ પુસ્તક સુધારી ફરી લખી આપવામાં તેમજ તેનાં પ્રુફ સુધારવામાં લિંબડી નિવાસી (હાલ અમદાવાદ) **સંઘવી વાડીલાલ કાકુભાઇએ** જે મહેનત લીધી છે, તે બદલ અમે તેમનો અંતઃકરણ-પૂર્વક આભાર માનીએ છીએ.

આ પુસ્તક તૈયાર કરવામાં ટંકારા નિવાસી ભાઈ ન્યાલચંદ કુબચંદે અમને ઘણી રીતે મદદ આપી છે તો તેમનો પણ આભાર માનવાની આ તક હાથ ધરૂંછું.

લી. સેવક,

રવજીભાઇ નાગજીભાઈ મહેતા.

મહાસતીજીશ્રી સંતોકબાઇ ઉર્ફે જડાવબાઇ સ્વામિનું જીવન ચરિત્ર.

મોરબી તાબે મોટી વાવડીના રહીશ મેતા નાગજી નથુની દીકરી, તેની માતાજી ભાણીબાઈ દેવમણિ જેવાની કુખે સં. ૧૯૩૧ની સાલમાં જન્મેલ, ને રવજીભાઈ સં. ૧૯૨૯ના માગશર માસમાં જન્મેલ તેમની ત્રણ વરસની ઉંમર થતાં સં. ૧૯૩૪ના વૈશાખ સુદ ૩ના રોજ માતાજી ભાણીબાઇએ સ્વર્ગવાસ કર્યો, જે વખતે રવજીભાઇની ઉંમર ૫ વરસની થઇ હતી. બન્ને ભાઈ બ્હેન મા વિનાનાં થતાં તેમના પીતાશ્રી નાગજીભાઈ તથા નાગજીભાઇના મામા વીરજી દામોદર એ બન્નેએ તે બન્ને બાળકોને જીવથી અતિ પ્રીત કરી ઉછેર્યાં. ત્યાર બાદ નવા માતુશ્રી ચતુરબાઈ આવ્યા તેઓ પણ સારી રીતે રાખતા, અને દાદી કસરબાઈની પણ લાગણી ઘણી હતી. સ. ૧૯૪૬ ના માગશર માસમાં રવજીભાઈ તથા સંતોકબાઈના લગ્ન મોટી ધામધૂમથી કર્યાં, પણ કીસ્મત જોગે સ. ૧૯૪૭ના ફાગણ વદ ૧૪ ના રોજ નાગજીભાઇએ સ્વર્ગવાસ કર્યો. આથી બધો બોજો વીરજીભાઇને માથે આવી પડયો. તેની ફીકર, અને વળી એકીલો બધો ભાર કેવી રીતે ઉપાડી શકીશ, તેમજ એ ગામનો વહીવટ એકીલો કેવી રીતે સંભાળીશ, તેની ચીંતામાં વીરજીભાઇએ પણ સં. ૧૯૪૭ નાં ચૈત્ર શુદ ૪ ના રોજ સ્વર્ગવાસ કર્યો. દુષ્ટકાળ કોઇને મુકતો નથી, તે નમેરીને જરા પણ દયા નથી. ઉંચ નીચ કોઇને તે છોડતો નથી. એવામાં સં. ૧૯૫૧ ની સાલમાં સંતોક-

બાઈના પતિ કેવળચંદ મોતીચદ ટંકારાવાળાએ સ્વર્ગવાસ કર્યો.

આથી સંતોકબાઇએ સંસાર દુ:ખરૂપ જાણી, દિક્ષા લઈ આત્મ સાર્થક કરવાની ઇચ્છા કરી, પરંતુ દિક્ષાની રજા નહિં મળવાથી તેમણે તેમના ભાઇ રવજીબાઇને તેમજ માતાજી ચતુરાંબાઈને કેટલીક રીતે સમજાવ્યા તોપણ તેઓ નહિં માનતાં, તેમના મામા મકનજી વાઘજી તથા તેજપાળ વાઘજી તથા ફઇ કડવીબાઇ પાસે જઈને, આ અસાર સંસાર બાબત ઘણું સમજાવીને દીક્ષા લેવાનું નક્કી કર્યું, ને રજા આપવા ટંકારે જતાં સ્વામીજીને સખ્ત તાવ અને ટાઢ હોવા છતાં તે નહીં ગણકારતાં તુરત અપાસરે આવી ત્યાંના મહાજનના મુખી ભાઈ મોતીચદ ખોડીદાસ તથા તેનાં સસરા મોતીચંદ રવજીને કેટલીક વાતોથી સમજાવી, આ અસાર સસારમાં નહિં રહેવાનું નક્કી કરી દીક્ષાનું મુહુર્ત્ત લીધું. ઘણી ધામધૂમથી ટંકારામાં દિક્ષા આપવામાં આવી, અને કેટલીક લાણી તથા નાત પણ કરવામાં આવી હતી. મોટી વાવડીનાં દરબારની મેહેરબાની સારી હોવાથી, રવજીભાઈ નાના હતાં છતાં તેમના પીતાજીનો બધો ભાર ઉપાડી લીધો હતો.

છેવટે છપ્પનના દુષ્કાળ પછી વર્ષો ખરાબ આવવાથી સં. ૧૯૬૩માં રવજીભાઇ કરાંચી આવ્યાં. ત્યાં તેમના ફઇના દીકરા રા. રૂપચંદ ગોવરધનદાસ કે જેઓ કરાંચીમાં ખારાધર ગુજરાતી સ્કુલના હેડમાસ્તર છે, તેમની સંપૂર્ણ સ્હાયતાથી આ પુસ્તક તૈયાર કરી તેમના સ્વર્ગવાસી મોટા ભાઇ મુલચંદભાઈની યાદગીરી ખાતર છપાવી બહાર પાડેલ છે.

॥ श्री जिनेन्द्राय नमः ॥

શ્રી સંતોકબાઇ સંજમ મહાત્મ્ય.

મંગળાચરણ.

રાગ કલ્યાણ.

શ્રી જિનેશ્વરા, પ્રભુ દીન દયાધરા, દેવ શેવકાની વિનંતી સુણો જરા.
અવીચળ પદ છે અંતરજામી, નમી જ્યોત અમંદ;
વણારશી પુર વાશી કાશી, વામાદેવી નંદ. શ્રી જિનેશ્વરા. ટેક.
સ્હાતી કરવા જૈન જ્ઞાનને, જગવંદન જગરાય;
મરજી સાથ અરજી એવી, શરણુ ન આપ સિવાય. શ્રી જિનેશ્વરા. ૧
કૃપા કરો કરૂણાકર ઠાકર, ચાકર ચિત્ત ચહાય,
જૈન જ્ઞાનવર્ધક મંડળના, શ્રાવક પરે સહાય. શ્રી જિનેશ્વરા. ૨
પાપ હરા પુરૂષોત્તમ પ્યારા, પ્રણમુ નીશ દીન પાય;
પ્રબળ પાપના બંધ નીકંદન, વદન હજો સદાય. શ્રી જિનેશ્વરા. ૩

મહાન્ બાળ બ્રહ્મચારી મહાસતીજીશ્રી કડવીબાઈ પાસે શ્રી જડાવબાઇએ સંવત્ ૧૯૫૪ના માગશર વદ ૩ ના રોજ દીક્ષા લીધી. જડાવબાઈ મોરબી તાબે ગામ મોટી વાવડીના રહીશ મેતા નાગજી નથુની પુનીત પુત્રી. તેમની માતાનું નામ ભાણીબાઈ. તેમની કુખે સંવત્ ૧૯૩૧ ની સાલમાં જન્મ લીધો હતો.

તેમનું લગન ટંકારામાં મેતા મોતીચંદ રવજીના દીકરા મેતા કેવળચંદ સાથે કર્યું હતું. લગન થયા બાદ બે વરસની અંદર તેમના પવિત્ર પતિનો સંવત્ ૧૯૫૧ની સાલમાં સ્વર્ગવાસ થતાં એકદમ

નાની વયમાં મહા સંકટનું વાદળ તુટી પડયું, જેથી સંસાર અસાર જાણી, તેમનું ચિત્ત ધર્મમાં જોડાયું, અને દિન પ્રતિદિન જૈન ધર્મની લાગણી વધતી ગઈ. સંસારમાં ધર્મ સિવાય કોઈ શરણુ નથી એમ જાણી ધર્મ ધ્યાનનો અભ્યાસ કરવા માંડયો. સંવત ૧૯૫૭ની સાલમાં મહાન્ બાળ બ્રહ્મચારી મહાસતીજી શ્રી કડવીબાઈ સ્વામિનું ટંકારામાં ચાતુર્માસ થતાં, તેમના અસરકારક ધર્મબોધ સાંભળી સંસારમાંથી મુક્ત થઇ દીક્ષા લેવાની ધારણા ધારી, અને દૃઢ નિશ્ચય કર્યો. સંજમ પાળવો એ ખાંડાની ધાર માફક દોહીલો જાણી, તેમના સસરાનો તથા તેમના ભાઇનો પહેલાં દીક્ષા લેવા દેવાનો વિચાર ન હોવાથી તેઓની સાથે જડાવબાઇને ચાલેલો સંવાદઃ—

જડાવબાઇ—સંસાર અસાર જાણી, ધર્મ સખાયો જાણી મારી વૃત્તિ દિક્ષા લેવાની થઈ છે. જેવો વાવ્ય વચ્ચે દીવો, જેવા કુંજરના કાન, જેવા પાકા તરૂવરના પાન, જેવી વેળુની ભીંત, જેવી કાયાની રીત જેમ અસ્થિર છે તેમ આ દેહ અસ્થિર છે. જેથી સંસારમાં રહેવાથી જીવ શુદ્ધ થતો નથી, પણ વધારે મલીન થતો જાય છે. માટે દિક્ષા લઈ મારા આત્માનું સુધારીશ. હવે સંસારમાં મારૂં મન એક દિવસ પણ સ્થિર રહી શકે તેમ નથી, માટે મને રાજી ખુશીથી રજા આપો, એટલે હુ સંસારમાંથી મુક્ત થઈ મારા આત્માનું સુધારૂ.

સસરો—-વહુ દીકરા, આ શું વદો છો! સંજમ ધારણ કરવો એ બહુ વીકટ અને દુષ્કર કામ છે. ચારીત્ર સંબંધી ઉપકાર કરનારા એવા મૂળ અને ઉત્તર ગુણરૂપ હજાર ગુણો ધારણ કરવા પડે છે, સર્વ જીવો પર સમભાવ રાખવો પડે છે, જાવજીવ સુધી પ્રાણાતીપાતની વીરતી કરવી પડે છે, મૃષાવાદ કહેતાં જુઠું કોઈ દિવસ

બોલાય નહિં, ટાઢ–તડકાનાં પરિસ્સા સહન કરવા પડે છે, સંજમ પાળવો એ ખાંડાની ધાર માફક છે, માટે સંસારમાં રહી સુખેથી જે ધર્મ ધ્યાન થાય તે કરો.

જડાવબાઈ—આ મોહરૂપી દુઃખદ સંસારની આળપંપાળમાં પડી આત્માનું કોઈ પણ કાર્ય સરતું નથી, અને અનંત ભવ નરકવાસ તથા ગર્ભાવાસના મહા કષ્ટો ભોગવવાં પડે છે. આ અમૂલ્ય તક ખોઇ, જગતજાળના અલ્પકાળનાં સુખમાં લલચાઇ, અકાર્ય નહિં ગુમાવતાં, મોક્ષનાં અનંત સુખને આપનાર, સંજમ ગ્રહણ કરી જન્મ મરણરૂપી વિટંબનાથી મુક્ત થઈ અલભ્ય સુખોને લાયક થઈશ, માટે મને સુખેથી રજા આપો.

રવજીભાઇ—સંજમ પાળવો મહા દુષ્કર છે. લોચ કરવાના તથા આહાર–પાણી લેવાના પરિસ્સા જીતવા મહા દુર્લભ છે. ભીક્ષા માટે ઘેર ઘેર ભટકવું, અને ભટકતાં છતાં ભીક્ષાની અપ્રાપ્તિ વિગેરે પરિસ્સા પડવાથી દુઃખ ન ધરવું, તે નિશ્ચે ઘણુંજ દુષ્કર છે. જેમ કબુતર વિગેરે પક્ષીઓ પોતાનું ભક્ષણ કરવામાં શંકા સહીત વર્તે છે, અને ખાધા પછી કંઈ પણ સાથે રાખતા નથી, તેમ મહારાજ તથા મહાસતી પણ આહાર ગ્રહણ કરવામાં દોષ લાગવાનો ડર રાખે છે, અને આહાર પાસે રાખી શકાતો નથી. રાત્રી ભોજન તો કોઈ દિવસ થાયજ નહિં, રાગ દ્વેષને જીતવા પડે છે, અને ક્ષમા ધારણ કરવી પડે છે. ચારિત્રનો ભાર લોઢાના ભારની પેઠે ખમી શકાય એવો નથી. અને તે ગુણોનો મોટો ભાર જ્યાં સુધી જીવીએ ત્યાંસુધી બીજા ભારની પેઠે કોઇ ઠેકાણે મુકી વીસામો લેવાય તેમ નથી. એટલે ચારિત્ર જાવજીવ સુધી પાળવું પડે છે. જેમ ગંગા નદીના પુર સામે તરવું મહા દુષ્કર છે, તેમ ચારિત્ર

પાળવું મહા દુક્કર છે. જેમ તરવારની ધાર પર ચાલવું દુક્કર છે, તેમ સંજમ પાળવો મહા દુક્કર છે. માટે સંસારમાં રહી સુખેથી ધર્મ ધ્યાન કરો.

જડાવબાઈ—સંસારમાં રહી રાગ દ્વેષને જીતી શકાય નહિં, અને ધર્મ બરાબર પાળી શકાય નહિં. માટે હવે મારૂં મન વૈરાગ્યમય બની જવાથી, સંસારમાં રહેવાની મારી બિલકુલ ઇચ્છા નથી. મને સુખેથી રજા આપો એટલે સંજમ ગ્રહણ કરી મારા આત્માનું સુધારૂં, અને તમોને સારી આશિષ દઉં.

આ પ્રમાણે દિક્ષા લેવાનું તેમનું દઢ મન હોવાથી તેમના સસરાએ, તેમના ભાઇએ તથા તેમની માતુશ્રી ચતુરાબાઇએ આજ્ઞા આપી. પછી બાળ બ્રહ્મચારી મહાસતીજી શ્રી કડવીબાઈ સ્વામિ પાસે દિક્ષા લેવાનું શુભ મુહુર્ત નક્કી કર્યું, અને ટંકારામાં ધામધૂમ થવા લાગી. મોરબી, રાજકોટ, વાંકાનેર, તથા બીજા ગામોથી શ્રાવક ભાઈઓ તથા બાઇઓનો સંઘ આવેલ હતો. સંવત ૧૯૫૪ના માગશર વદ ૩ ને દિવસે સવારે સુશોભિત રથમાં બેસાડી, ફુલેકું ઘણાં ઠાઠમાઠથી, વાજીંત્ર સાથે ઘણી ધામધૂમથી ગામમાં ફેરવી, સુરજીનેસડા ગામના રસ્તા તરફ, સુશોભિત વડ નીચે દીક્ષા આપી હતી. હાલ તે જગ્યા આગળ કલ્યાણપર નામે નવું ગામ વસેલું છે. બહાર ગામથી આવેલા સર્વે શ્રાવક—શ્રાવીકાઓની સારી બરદાસ કરવામાં આવી હતી, અને જમણ આપ્યાં હતાં. મોરબીવાળા સંઘવી ઘેલા વાલજી, મેતા નીમચંદ દેવચંદ તથા દોશી લખમીચંદ વખતચંદ તથા ખાનપરવાળા પારેખ બાબા ભગવાનજી તરફથી ગચ્છ થયા હતા, અને રવજીભાઈ તથા મોતીચંદભાઇએ પણ તેમાં સારો ભાગ લીધો હતો.

દિક્ષા વિષે.

(રાગ—મહીઆરી ઝુલ.)

પહેલો મીત્ર—અહા ભાઈ ! શું છે આજેરે, જેથી વાજીંત્ર રૂડાં વાજેરે;
જાણે ગગનમાં મેઘ ગાજેરે. શા કાજેરે મળ્યાં છે આજે;
જેથી વાજીંત્ર રૂડા વાજે.

બીજો મીત્ર—મીત્ર સાંભળ તું સુખકારીરે, કહું વાત તને વિસ્તારીરે;
આજ દીન છે આનંદકારી રે, મારા ભાઇ રે;
કહું સાંભળ દઈ તન તુ, મમ વાત ગ્રહણ કર મન તું.

પહેલો મીત્ર—કહે મીત્ર વહાલા ભાઇરે, નારી ટોળે મળી ગીત ગાઇરે;
મારા ભાઇરે કર ખુલાસો મુજને, નમ્રતાથી કહું છુ તુજને.

બીજો મીત્ર—શુભ દીન છે ભાઈ આજેરે, મળ્યા જન સહુ સુખ સમાજેરે;
દીક્ષા ઓત્સવ મહોત્સવ કાજેરે, મારા ભાઇરે;
સાંભળ દઈ તન તું, મમ વાત ગ્રહણ કર મન તું.

પહેલો મીત્ર—ભભકો ભાઈ આ કેવોરે, લાગે દેવી ઓત્સવ જેવોરે;
શાને માટે કર્યો છે એવોરે, મારા ભાઇરે,
કર ખુલાસો મુજને, નમ્રતાથી કહું છું તુજને.

બીજો મીત્ર—જડાવ નામે છે બાઇરે, પીતા નાગજી માત ભાણી બાઇરે,
બાલ્યાવસ્થાએ સંજમ પાઇરે, મારા ભાઇરે;
કહુ સાંભળ દઈ તન તુ, મમ વાત ગ્રહણ કર મન તું.

પહેલો મીત્ર—એવા કોણ ગોરાણી ઉપકારીરે, મોક્ષ રૂપી દેખાડી બારીરે,
કુમતિ કીધી જેણે ન્યારીરે, મારા ભાઇરે;
કર ખુલાસો મુજને, નમ્રતાથી કહું છું તુજને.

બીજો મીત્ર— ગાર્દલ્વર કડવીબાઈ સ્વામિરે, છ કાયના અંતર જામીરે,
જેણે સંજમ પદવી પામીરે, મારા ભાઇરે;
કહુ વાત સાંભળ દઈ તન તું, મમ વાત ગ્રહણ કર મન તું.

પહેલો મીત્ર—લઘુ વયે થયાં વૈરાગીરે, કામ ક્રોધ ને મંત્સર ત્યાગીરે,
એવાં ગોરાણી મળ્યાં સદ્‌ભાગીરે, મારા ભાઇરે;
કર્યો ખુલાસો મુજને, બેસવાની રજા દે મુજને.

બીજો મીત્ર—ધન્ય ધન્ય ત્હેની બલીહારીરે, જેણે આપી મતિ સુખકારીરે,
વારંવાર વદના મારીરે, મારા ભાઇરે;
થયો ખુલાસો મુજને, બેસવાની રજા છે તુજને.

(રાગ–ઉપરનો)

સહુ સદ્‌ગુણી શ્રાવક ભાઇરે, આ પંચમ આરા માંહીરે,
દીક્ષા ઓચ્છવ એ સવાઇરે, કરે તેની અપાર કમાઇરે;
મન માનેરે દેવ તણો સમુદાઇ, સહુ સદ્‌ગુણી શ્રાવક ભાઈ
જેને પુર્વના પુણ્ય અતિશેરે, આ ઓચ્છવ એ ઘેર વિષેરે;
દેખી દેવપતિ મન રીઝેરે, ધન્ય ધન્યરે મકનાણી મોતીબાઇ. સહુ. ૧.
સદ્‌ધર્મ તણી જેની રીતિરે, તેવા પુત્રો અનોપમ મતિરે;
ધન્ય ધન્ય ધર્મની વૃત્તિરે, જડાવબાઇરે ધારી છે દીક્ષમાંહી. સહુ. ૨.
લેવા ધારી અનુપમ લાવોરે, દેશ દેશનો સંઘ તેડાવ્યોરે;
મહા ઓચ્છવ આપ સચાવ્યોરે, જે જોનારે લાગે છે સુખદાઈ. સહુ. ૩
આવા ઉત્તમ કાર્યને વિશેરે, ચીત્ત આપ્યું રતનજીભાઇએરે;
તેના પુરૂષને ધન્ય દીસેરે, માટે સંવોરે દયા ધરમ સુખદાઈ. સહુ. ૪

સસરા તથા રવજીભાઇ સાથે વાદવિવાદ થયા બાદ જડાવબાઇ પોતાનાં માતુશ્રી પાસે દિક્ષાની રજા લેવા જતાં ચાલેલો સંવાદઃ—

ચતુરાબાઇ—બેટા! સંજમ ધારણ કરવો તે મહા દુષ્કર કામ છે. જેમાં હજારો સંકટ ગ્રહણ કરવા પડે છે, ને ખાંડાની ધાર પર ચાલવાનું છે; માટે આ સંસારમાં રહી સુખેથી ધર્મધ્યાન કરો.

જડાવબાઇ—માતુશ્રી! ગમે તેમ થશે તોપણ સંજમ એજ મારૂ જીવન છે, સંજમ એજ મારૂં રક્ષણ છે; સંજમ સિવાય બીજાનું શરણ લેવા હું ઇચ્છતી નથી. માટે હું સંજમ ધારણ કરી મારા આત્માનું સાર્થક કરવા માગું છું. તો ખુશીથી મને આજ્ઞા આપો, કે જેથી મારા આત્માનું સુધારૂં.

વળી માતુશ્રી પ્રત્યે જડાવબાઇ નિચ પ્રમાણે ગાયન ગાય છે.

(ચાલો સખિયર રાધાવર મહાર જઇયે—**એ રાગ.**)

જડાવબાઇ—

આપો મુજને આજ્ઞા, માતાજી આવારીરે, (૨)
સંજમ લેવા માંહે, આ ચીત્તવૃત્તિ મારીરે. આપો.

ચતુરાબાઈ—

લાગે મુજને આવી વાણી બહુ ખારીરે,
વદો વ્હાલી પુત્રી વાણી કંઇક વિચારીરે. લાગે.

જડાવબાઈ— **સાખી.**

અસાર સંસાર છે મોહની જાળ,
તજે તે પામે આનંદ અપાર.

કરો નહીં જક માતાજી આવારીરે.
કહો મુખે સુખથી જાઓ સધાવીરે. આપો.

રવજીભાઇ— **સાખી.**

ઉના પાણી પીવા પડશેરે બેન,
હઠ મુકો આ સારૂં છે કેણ.
મોવાળાને હાથેથી લેશે તાણી રે,
એવો છે આ સંજમ જાણી લે શાણી રે

જડાવબાઇ— આપો મુજને આજ્ઞા માતાજી આનારીરે,
સંજમ લેવા માહે આ ચાતવૃત્તિ મારી રે.

માતુશ્રી ગમે તેમ થશે તોપણ મારૂં મન દઢ છે, માટે ગમે તેટલા દુઃખો તમો બતાવશો તોપણ મારે મન તે ફુલ સમાન છે, તો ખુશી થઈ આજ્ઞા આપો.

રવજીભાઇ—બ્હેન ! આ સંસારમાં રહી સુખેથી ધર્મધ્યાન કરો. માતુશ્રી કહે છે તે સત્ય છે. સંજમ ગ્રહણ કરવો એ બહુ વીકટ કામ છે, માટે તે હઠ છોડી ધો.

જડાવબાઈ—બંધુ ! સંસારમાં રહેવાથી કદી સારૂં થઇ શકતું નથી વળી દુઃખરૂપી સંસારમાં, મોહરૂપી દરીયામાં ડુબી મારૂં આ કાર્ય અકારૂં કરીશ નહિ, અને સંસારમાં કેવી હકીકત બને છે તે સાંભળો.

(બલીહારી રસીયાજી ગીરધારી સુંદર શ્યામ હો, તજી અમને
મથુરાના વાસી આ વાત બનીયેજી—એ રાગ.)
સંજમ અતિશે સુખકારી મારા ભાઇરે,
તરવા બારી એથી રે પામીયે હોજી;
જગની જંજાળ સર્વે જુઠારે જાણીયે હોજી,
ખટપટ કરો સઘળી ન્યારી. મારા.

સુખી નહિં કોઇ વ્હાલાં આરે સંસારમાં હોજી,
દુઃખીયાં હજારો નરનારી. મારા.
નીતિ પર પ્રીતિ રાખી પ્રભુ સ્નેહે ધારીયે હોજી,
મોહ રિપુ નાખો હવે મારી; મારા.
આંચ નહિં રે કયાંઇ એક લયને હોજી,
માથે જામી રહી છે કાળ સ્વારી; મારા.

વ્હાલા બંધુ ! આ સંસારમા ઉપર પ્રમાણે હકીકત છે. તો નાહક જંજાળરૂપી જાળમાં ફસાઈ, મારૂં અમુલ્ય આયુષ્ય નિરર્થક નહિં ગુમાવું

નિશાળમાંથી સર્વ કુમારીકાઓને દિક્ષા મહોત્સવને લઇ રજા મળી, ત્યારે સર્વ સખીઓ અરસપરસ નિચે પ્રમાણે હર્ષની વાતો કરતી અને હર્ષના આવેશમાં ગાયન ગાતી, દિક્ષા મહોત્સવ તરફ જાય છે:--

૧ **સખી**—બેની ! આજે આપણને નિશાળમાંથી રજા કેમ મળી?

૨ **સખી**—બેની ! તે બાબત આપણા ગુરૂ તુલ્ય મહેતાજીને પુછતાં આજે આપણા સ્થાનકવાશી જૈનધર્મી બાઈ જડાવબાઇ દિક્ષા લે છે. તો તમો સર્વ તે શુભ પ્રસંગ વખતે હાજર રહેશો, અને તેમાં હર્ષથી ભાગ લેશો.

૩ **સખી**—અહો બેની ! આપણા ધન્યભાગ્ય છે, કે આવા નાના ગામની અંદર જેમ અંધારામાં એક ચંદ્રમાનું તેજ થાય, તેમ જડાવબાઇએ રંકારા ગામ જે અંધારારૂપી હતું તેને ચંદ્રરૂપી રળીયામણું કરી મુકયું છે. માટે ચાલો આપણે જલદી એ શુભ કાર્યમાં ભાગ લઇએ, અને સાધુજી-સાધ્વીજી ને સ્વધર્મી ભાઇઓ તથા બાઇઓના

દર્શનનો લાભ લઈએ. જો આવી અમૂલ્ય તક ગુમાવીશું,
તો આપણે કમભાગી થઈશું, માટે જલદી ચાલો.

આથી સર્વ સખીયો આનંદમાં આવી નીચે મુજબ રાસડો બોલતાં બોલતાં ગમન કરે છે.

(પુનમ ચાંદની ખીલી,--એ રાગ.)

આજે આનંદ ઉમંગ અતિ થાય છે રે, આવો અહિં સ્નેહે સંગે મળી બેન;
ગાઓ ગીત પ્રીત હીત શાંતિ ધારીને રે

સાખી—ધન્ય ધન્ય દહાડો આજનો, આનંદ ઓત્સવ થાય;
તે જોવા મુજ બેનડી, મનડું આ લલચાય.

ચાલો સંગે મળી સહુ ચાહીથી આવાર. લાગે આજનો દિન બહુ રળીયામણો રે.

સાખી—જન્મ મરણ સુધારવા, સંજમ છે સુખધામ;
સૌથી સારૂ એજ છે, અવર કામ ન કામ.

આવ્યો મનુષ્ય જન્મ અવતાર, લક્ષ ચોરાશી ફેરા ફરીરે;
આજે આનંદ ઉમંગ અતિ થાય છે રે.

૪. સખી—બેની ! એમનાં જટાવબાઈ ક્યા ગુરૂની આગળ દિક્ષા
લે છે તે જણાવો તો મેહેરબાની

૫ સખી—બેન ! મહાન્ બાળ બ્રહ્મચારી મહાસતિજી શ્રી ૭ શ્રી
કડવીબાઈ સ્વામિ પાસે તેઓ દિક્ષા લે છે.

૬. સખી—અહો!, ધન્યભાગ્ય કે તે જટાવબાઈના પ્રતાપે આપણને
એવા બાળ બ્રહ્મચારી મહાસતિજીના દર્શનનો લાભ
પ્રાપ્ત થશે.

૭. સખી—તે મહાન્ બાળ બ્રહ્મચારી સ્વામિજીનું ટૂંક ચરિત્ર
કહું છુ તે સાંભળો.

(નવીન બનજારે—અમ ચલે—એ રાગ.)

છે જ્ઞાન, છે જ્ઞાન, છે જ્ઞાન ઉરમાં ભારી, કડવીબાઇ ધીરજ ધારી.
ખરેખરાં બાળ બ્રહ્મચારી, મહાસતિ શિરોમણી ધારી;
જીનનો ધર્મ પાળે છે પર્મ, વૃત્તિ દૃઢ ભારી, કડવીબાઈ.
આ કલ્પતરૂની છાંયા, શોભે છે એવી કાયા;
તપનું તેજ, ચંદ્રની હેજ, શીતળ સુખકારી કડવીબાઈ.
છે સિદ્ધાંતનાં પારગામી, વળી તરણુતારણુ બહુ નામી;
ક્રીયાના જાણ, ધર્મના ભાણુ, આચાર ગુણ ભારી. કડવીબાઈ.
પંચ મહાવ્રત પાલણુહારાં, મુખ દયા ધર્મની ધારા;
છુટે છે પાપ, સુણુતા આપ, ટળે દુઃખ ભારી. કડવીબાઈ.
છ કાય જીવની રક્ષા, કરવા લીધી છે દીક્ષા;
સંજમની રીત, પાળવા પ્રીત, પાર્વરૂપ પ્યારી. કડવીબાઈ.
છો અઢાર અખંડ બોલ ધારી, આઠ મદને નાખ્યા વિદારી;
ચતુર્વિધ સંઘ, જોડવા બંધ, દયા દીલ ભારી. કડવીબાઇ.
પરિસ્સા તે બાવીસ જીત્યા, ગુરૂ ગમની જાણો ગીતા;
ચોથા જુગમાંય, મુક્તિની કાય, નિરખે નરનારી. કડવીબાઈ.
છે ગુરૂ પાનબાઇ તેવા, વળી જવલ રંભાબાઈ જેવાં;
એકથી એક, ધર્મમાં ટેક, આસન દૃઢ ભારી. કડવીબાઈ.
જપ તપ કરવામા પ્રીત, નહીં અન્ય વાતમા ચીત;
નિરંજન નામ રટે દીન જાય, ભક્તિ ફિર ભારી. કડવીબાઇ.

દોહરા.

પ્રથમ નમી જીનેશને, વિનવુ વારંવાર;
મહાસતિઓ પાંચના, ગુણ ગણું આચાર. ૧

પરમ પૂજ્ય શ્રી પાનબાઈ, સદ્દત સ્વામિ કહેવાય,
કીર્તિ કડવીબાઇની, ગણીત થકી ન ગણાય. ૨
જવલબાઇની સાથમાં, રમ્ય રંભાબાઇ;
જડાવબાઇના દર્શથી, ધર્મ તણીજ સવાઇ. ૩
ગુણ વર્ણવું સૌના, સુણજો શ્રાવક સર્વ;
ભૂલ ચૂક માફી કરી, ગુણ અહો નીજ ગર્વ. ૪

અહો બેની! જુઓ તો ખરા, જડાવબાઈ સ્વામિ એક દેશી રૂપી થઇ બેઠાં છે. શ્રી જિનેશ્વર પ્રભુ તેમની મનકામના સફળ કરો!

રવજીભાઈ—બ્હેન! સંસારમાં રહો તો વધારે સારૂં. તમારી દ્દઢતા આગળ અમે વધારે બોલી શકતા નથી. ત્યારે જડાવબાઈ કહે છે, બંધુ! જરા હું બે બોલ કહું તે સાંભળો.

(રે મમ નાથની તે સાથ રહું કે દી ઠરી હું—**એ રાગ.**)
રે નહીં સાર જગની જાળમાં, બંધુ હું નહીં વસુ:
પ્રભુ પર પ્યાર સુખ આકારમાં, મુજ મનડું છેડશું. રે નહીં સાર.

વલણ.

તન તાપ દુર સહુ જાય, સુખ સર્વ એ થાય માપ;
રહું રાજી સાધી બાજી તજી ફંદે નહીં ફસું. રે નહી સાર.
સંજમથી સારૂં મારૂં, સૃષ્ટિનું સુખ અકારૂં;
ખોટી કાયા જૂઠી માયા, તેમાં મોહી નહીં રહું. રે નહીં સાર.

જડાવબાઇનો આવો દ્દઢ નિશ્ચય જોઇ સર્વ સગાંવ્હાલાં નીચે મુજબ ગાયનથી આજ્ઞા આપે છે. દરમિઆન તેમનાં માતુશ્રીની દિક્ષા લેવા દેવાની મરજી નહિં હોવાથી ફરી જડાવબાઈ પ્રત્યે નીચે મુજબ કહે છે.

(રાગ—શીદ રોકી.)

ચતુરાબાઇ—

બેટી લે તું માની, સંસારે રે'તો સારૂ;
શાણી સંકટ સેવીને, સુકાશે મુખ તારૂ.
અહાર વિના અપવાસ પડે, બહુ ક્ષુધાથી જીવ મુંઝાય;
તાપ થકી તન તપી જઈને, નિત્ય નિત્ય શરીર સુકાય.
વલીશ્વણુ એ વાણી લાગે છે મુને ખારૂં. બેટી.

જડાવબાઇ— **સાખી.**

મોહ માયાની મહા મોહની, મસ્ત અતિ દુ:ખદાઈ;
માત પિતા સુત ભ્રાત સર્વે, સ્વાર્થની સગાઇ.
નહિં સ્વાર્થ વિનાનું નજરે હુ તો ભાળું રે.

ચતુરાબાઇ—

સંસારીનું સુખ ખોઓ કાં, આ તુજ હઠ ન મેલ;
પ્રૌઢ પીડા સંજમથી થાએ, મનથી આ હઠ ઠેલ.

જડાવબાઇ—માતુશ્રી ! ગમે તેમ થશે તોપણુ મારૂં મન એકત્ર થઈ ગયુ છે, તે સંજમ ગ્રહણુ કર્યા વગર શાંત થઈ શકશે નહિં; માટે ખુશીથી આજ્ઞા આપો.

જડાવબાઇનો દૃઢ નિશ્ચય જોઈ સર્વ નીચે મુજબ ગાયનથી આજ્ઞા આપે છે.

(આવો આવો વાલી વેલડી, રસ વેલી, પ્રાણુ--એ રાગ.)

સખે જાઓ સીધાઓ આ સમે, સંજમ લેવા તમે;
બહુ આનંદ ઉરમાં આણીને, આજ્ઞા આપી અમે.

જડાવબાઈ— **ચલતીમાં.**

પ્રભુ હૃદયતણા આરામ, જાણું નામ, એ વિણ આ કાયા નકામ,
(બધા મળીને) સુખે જાઓ સિધાવો.

જડાવબાઇ—હવે ઉમંગ ઉરમાં થાશે, પ્રભુ ગીત પ્રીતે ગવાશે;
આ મોહજાળ દૂર થાશે, મુજ મનડું આવ્યુ હુલ્લાસે.
પ્રભુ હૃદય તણા આરામ.

ત્યાર બાદ જડાવબાઈ, ગોરાણીના નીચે મુજબ વખાણ કરતાં તેમની પાસે જાય છે:—

(રાસડો—તમે રાસ રમો સખી પ્યારી,—**એ રાગ.**)

ચાલો ચાલો ગોરાણી શરણ જઇએ, જઈ લાવ લાખેણો લઇએ.
સંસાર સાગર છે ખોટો, જેવો પાણી તણો પરપોટો, હોદે હોએ
નાનો કે મોટો, કાળ આવે, જીવ જાવે, કંઈ ન ફાવે. ચાલો.
એવું જાણીને સંસાર ત્યાગી, ગોરાણી ખંતે થયાં વૈરાગી; જેણે ખડક
કરમની ભાંગી, સંસાર છોડયો, માન મોડયો, બંધન તોડયો. ચાલો.
ગોરાણી ગુણવંત જ્ઞાન ભંડારી, છકાય તણા ને ઉપકારી;
ધન્ય ધન્ય એની બલીહારી, ગુણ ગાવે, લાભ થાવે, દુઃખ જાવે. ચાલો.
મોહ જાળથી ગોરાણી ઉગારો, ગ્રહી બાંહ્ય અમોને તારો; આ ફોકટ
જાય જન્મારો, બાળ ધારી, અર્જ મારી, લ્યો સ્વિકારી. ચાલો.

ત્યાર બાદ સર્વ શ્રાવિકાઓ જડાવબાઈના નીચે મુજબ ગુણ ગાય છે:—

(નવીન બનજારા—અબ ચલે—**એ રાગ.**)

છે ગુણ, છે ગુણ, છે ગુણ અતિ સુખકારી, જોઈ આનંદ
થયાં નરનારી. ટેક.

છે જ્ઞાનતણાં ભંડાર, વૈરાગે અપરંમપાર;
ધ્યાન છે એક, મુકે નહિં ટેક, વૃત્તિ દ્રઢ ભારી. જોઈ.
છે સૂત્રતણાં પારગામી, ચતુર્વિધ સંઘના સ્વામિ;
સંજમનો સાર, પામીયા પાર, આનંદ ઉર ભારી. જોઈ.
મોહ મમતા માયા ત્યાગી, મહા વૈરાગે વીતરાગી:
ક્રીયાના પાત્ર, ધર્મના જાત્ર, ઝળકતા ભારી. જોઈ.
પંચ મહાવ્રત પાલણુહારા, મહા દુઃખ તણાં ટાળનારા;
તતત્વના જાણુ, સૂત્રના શાણુ, બુદ્ધિ બળ ભારી. જોઈ.
છે અખંડ અઢાર બોલ પાળી, અસમાધી વીશ ભય ટાળી;
સંતોષી ચિત્ત, પાળે છે નિત્ય, શિયળ સુખકારી. જોઈ.
છ કાયે રક્ષા કરતાં, યતી ધર્મ દશ વિધ ધરતાં;
બાવીસે રીત, પરિસ્સા જીત, મતિ ઉર ભારી. જોઈ.
પ્રાણી ભુત બાવની રક્ષા, દયારૂપ ધરી આ દિક્ષા:
તપનું તેજ, ચંદ્રની લેજ, શિયળ સુખકારી. જોઇ.
સમકીત બોધબીજ દાતા, ઉપદેશ ધર્મના જ્ઞાતા;
દાવાનળ દુઃખ, મુકાવણુ રૂપ, મંગળ સુખ ભારી. જોઈ.
ધન્ય ધન્ય મોરબીવાસી, મહાસતિ ચતુર ચોમાસી;
નિરખતાં નેણુ, અતિ સુખ દેણુ, મોક્ષની બારી. જોઈ.
સેવક ન્યાલચંદ કહે છે, તે ટંકારામાં રહે છે;
ભણે તીખ્ખુત્તો પાઠ, વંદે વારંવાર, વંદના લીઓ સ્વિકારી. જોઈ.

હવે જડાવબાઈ નીચે મુજબ સંસારી જૈન ભાઇઓ તથા બાઇઓ અને પોતાના જીવ પ્રત્યે કહે છે અને સર્વને સમજાવે છેઃ—

(વિવેકી વીશાલ બની મુજ બાલક રે,—એ રાગ.)

અરે હેવાન કરે શું ગુમાન, ભૂલ્યો કાં ભાન, તું આવાર;
ખલકમાં ખુવાર, થા નહિ ગમાર, જગત આધાર, ચિત્તમાં ઉચ્ચાર.
અરે હેવાન.

સાખી—માયા ખોટી મોહની, પ્રીત ખોટી જગમાંય;
વણસી જાતાં વાર નહિ, બાદલ કેરી છાંય.
ખલકમાં ખુવાર, થા નહિં ગમાર, જગત આધાર, ચિત્તમાં ઉચ્ચાર.
અરે હેવાન.

સાખી—ગુણ તણો કર સ્નેહથી, શાણા તું સંગાથ;
જગત ગુરૂને ભાળવા, મુક મોહની બાથ.
ખલકમાં ખુવાર, થા નહિ ગમાર, જગત આધાર, ચિત્તમાં ઉચ્ચાર.
અરે હેવાન.

કવિત.

દુષ્ટ મતિ કર દૂર, દેવ દીલ દુઃખ હરનારી;
નિત્ય નિત્ય સન્મતિ આપ, નાથ ગુણ ગાઉં તારા,
અવીચળ તારૂં નામ, રંકના પાલણહાર,
નામ જપીશ નિશદિન, અમર છો આનંદ ધારા;
કહે દાસ જસરાજ, ચરણ રસ ચાહુ પીઆરા.

(વાલા વેગે આવોરે, દયા દીલે લાવોરે—એ રાગ.)

જકાવબાઈ—

મોહ રિપુ મારોરે, દયા દિલે ધારો રે, એથી મુક્તિ પામીયે હોજી,
જુઠી આ કાયા, માયા જુઠી, જુઠી જગત જાળ, મોહ રિપુ મારો રે.

સાખી—ક્ષણભંગુર આ દેહ છે, પળમાં પલટી જનાર;
પ્રીત ધરો પ્રભુ ગીતમાં, ચેતો ચિત્તમાં લગાર.
મુશીબતથી મહા મેળવ્યો, મનુષ્ય જન્મ અવતાર;
કાં આવો હીરો હારો રે, દયા દિલે ધારો રે.
સાખી—મારૂં મારૂં શું કરે, તારૂં નહિં તલ ભાર;
જશે પ્રાણ પીંજર થકી, કોઈ સગું ન થનાર.
સુત પીતુ માતા સ્નેહીઓ, સ્વારથીયો સંસાર;
જાય છે વખત ભાળો રે, દયા દિલે ધારો રે.

(મન માયાના કરનારા રે,—એ રાગ.)

જડાવબાઇ—

મુકો મમતા માનવ મોહ મારો રે, નિત્ય ધર્મ માંહિ ચિત્ત ધારો;
કર્મ તજીને પ્રભુ ભજીને, જાળ જગતની વિસારો;
માટે વિચારો વાત અમારી, આખર પ્રાણ છે ન્યારો. મુકો મમતા.
આરે કાયાને એકીલા જાવું, શોધી લે ત્યાંનો સથવારો;
અધમ કરેલાં આવી નડશે, મુંઝાશે જીવ તમારો રે. મુકો મમતા.
સિદ્ધ તણાં સેવી ચરણો શાણા, જીવ દયાથી ઉગારો;
તારૂં મારૂં મુકી દઇને, શોધી લે સુખનો આરો રે. મુકો મમતા.

જંજાળી જીવડા વિષે.

(ઓ દુષ્ટ પિતા દીકરી વેચીને.—એ રાગ.)

જડાવબાઇ—

જંજાળી જીવડા મમતામાં મુંઝાણો શું માનવી.
છે વીકટ વાટ આગળ ભારી, શોધી લે તરવાની બારી;
શુભ કરણી કરને તું સારી, જંજાળી જીવડા.

નહિં સુકૃત સમજ્યો સ્વારથીયા, હાય બાર તારા વાગી ગયા;
અધવચ આવી અટકાઈ ગયા, જંજાળી જીવડા.
કંચનવરણી તુજ કાયા છે, પાણીમાંના પડછાયા તે;
કરી ધર્મ ધ્યાન ને લાગો લે, જંજાળી જીવડા.
હજી મનમાં અતિશે મદ છે કે, અવળું પગલું ભરમાં એકે;
પરલોકે પ્રાણી નહિં લેખે, જંજાળી જીવડા.
ખુબ થાકી જશે રખડી રઝળી, કરી ખરી કમાણી ખાંત ધરી;
તેથી મુક્તી સહુનેજ મળી, જંજાળી જીવડા.

શિયળ વિષે.

(આ કલંક હરી ઉતારો–અનજારો–એ રાગ.)

જડાવબાઇ—

સહુ શીયળ પાળો નરનારી, જેથી મળશે મોક્ષની બારી. ટેક.
વીતરાગ ઉપદેશે ભાઈ, ચાર પ્રકારે ધર્મ જણાઈ;
દાન શીયળ તપ ભાવે કારી, સહુ શીયળ પાળો નરનારી. ૧
ચીત વીત્ત તણે અનુસારે, દયા દાનજ હોયે ભારે;
તપ ભાવ થકી સુખકારી, સહુ શીયળ પાળો નર નારી. ૨
પણ દુક્કર શીયળ પાળેવો, ચંચળ ચીત્ત સ્થિર રાખેવો;
નહિ સોહિલો તે લગારી, સહુ શીયળ પાળો નરનારી. ૩
જુઓ કામથી લંકારાય, તેનું નામ જગતમાં ગવાય;
મરી ગયો નરક મોઝારી, સહુ શીયળ પાળો નરનારી. ૪
ખંડ ધાતકી કેરો ભૂપ, કીધું દારા કેઈ સ્વરૂપ;
દ્રૌપતિએ લીધો ઉગારી, સહુ શીયળ પાળો નરનારી. ૫

રાય શાળો કીચક જાણુ, સતી પર કરી બહુ તાણુ;
ભીમે પહોંચાડયો જમદ્વારી, સહુ શીયળ પાળો નરનારી. ૬
મયણરેહા બંધવની નાર, મણીરથ મોહ્યો તે વાર;
ભાઇ મારી ગયો નારી, સહુ શીયળ પાળો નરનારી. ૭
શીયળથી સુખ અપાર, જુઓ શેઠ વિજય કુમાર;
પરણી લાવ્યા વીજ્યા કુમારી, સહુ શીયળ પાળો નરનારી. ૮
શેઠ કહે સુણોને રાણી, વ્રત નિર્મળ જે ગુણ ખાણી;
લીધો શુકલપક્ષ સુખકારી, સહુ શીયળ પાળો નરનારી. ૯
પ્રેમે સુણી પીયુની વાણી, વીજ્યા મનમાં અકળાણી;
કહે પ્રીતમને પ્રેમ ધારી, સહુ શીયળ પાળો નરનારી. ૧૦
સ્વામિ સુણો શીખ એક સારી, તમે પરણો બીજી નારી;
મારે વ્રત છે પક્ષ અંધારી, સહુ શીયળ પાળો નરનારી. ૧૧
શેઠ સાંભળી સંતોષ કીધો, બીજી વરવા ચીત્ત ન દીધો;
રંગે રહે ઘરમાં નરનારી, સહુ શીયળ પાળો નરનારી. ૧૨
એક પલંગે પોઢી વ્રત પાળી, આઠ કર્મને દીધાં બાળી;
પામ્યા અક્ષય સુખ નીરધારી, સહુ શીયળ પાળો નરનારી. ૧૩
રાય સંખ ધીરે કળાવંતી રાણી, બેરખા દેખી બોલે વાણી;
નામ ન દીધે રીંસ અપારી, સહુ શીયળ પાળો નરનારી. ૧૪
હાથ કપાવી વનમાં મેલી, સુત જન્મે થઈ ઘેલી;
સુચી કરવા જોઇએ વારી, સહુ શીયળ પાળો નરનારી. ૧૫
સતિ રૂદન અતિ ઘણું કરતી, આવી શાસન દેવી ફરતી;
દેખી કાળજું જાય ફટારી, સહુ શીયળ પાળો નરનારી. ૧૬
પાણી ચોફેર ફરતાં કીધાં, હાથ નવ પલ્લવ કરી દીધાં;
તે શીયળ તણે ઉપકારી, સહુ શીયળ પાળો નરનારી. ૧૭

સાધુ આંખેથી કાઢ્યું તરણું, માથે આવ્યું સુભદ્રા મેણું;
કીધો અઠમ બાઈએ તેણી વારી, સહુ શીયળ પાળો નરનારી. ૧૮
દેવે દરવાજા બંધ કીધાં, કાચે તાંતણે પાણી કાઢી લીધાં;
પોળુ ઉઘાડી કલંક નિવારી, સહુ શીયળ પાળો નરનારી. ૧૯
સુદર્શન શેઠજ સાર, અભીયા કપીયા બેઉ નાર;
તેણે દુઃખ દીધુ અતિ ભારી, સહુ શીયળ પાળો નરનારી. ૨૦
રાજા તે વખતે તીહાં આવી, શેઠને શુળીએ ચડાવી;
શક્રેંદ્રે કીધી સાર તે વારી, સહુ શીયળ પાળો નરનારી. ૨૧
શુળી ફીટી સિંહાસન કીધો, શીયળ મહિમાં ફેલાવી દીધો;
ધન્ય તે નરને બલીહારી, સહુ શીયળ પાળો નરનારી. ૨૨
શીયળ પાળી તર્યા નરનાર, કહેતાં નવ આવે પાર;
જૂઓ શાસ્ત્રમાંહે વિચારી, સહુ શિયળ પાળો નરનારી. ૨૩
નરનારી શીયળ જે પાળશે, તે ભવસાગર ઉતરશે;
શીયળ પાળેથી સુખ અપારી, સહુ શીયળ પાળો નરનારી. ૨૪
દેખો કષ્ટ શીયળથી કાપે, ગુરૂ મોહનલાલ પ્રતાપે,
કહે મણીલાલ આ વારી, સહુ શીયળ પાળો નરનારી. ૨૫

પરસ્ત્રી સંગ તજવા વિષે.

(વીરા વેષ્યાના યારી, ઉભા અટારી, પેલા તમારા પ્રાણ,–એ રાગ.)

જડાવબાઈ—

જૂઓ જન વિચારી, તજો પરનારી, નરક તણું છે દ્વાર. જુઓ.
સાખી—પાણીના પરપોટા સરખી, પરનારીની પ્રીત;
વણસતાં વાર નહીં લાગે, વિચારી જૂઓ ખચીત. (૨)
કહું વારંવારી, નથી થનારી, આપણી નારી, નરક તણું છે દ્વાર. જુઓ.

સાખી—પરનારીના સંગથી, જુઓ રાવણરાય;
કૂળ સહિત કૈરવોના, વિનાશ થયો ભાઈ. (૨)
એમ નિશ્ચય ધારી, ઉરમાં ઉતારી, રમો ન જારી, નરક તણું છે દ્વાર. જુઓ.

સાખી—શીયળ સાથે પ્રીત કરીને, નિત્ય ભજો જીનરાય;
નીતિ ભક્તિ નીતિ રાખી, પામો સુખ સદાય. (૨)
આ વિનતિ મારી, છે હીતકારી, તજો પરનારી, નરક તણું છે દ્વાર. જુઓ.

કામની વિષે.

જડાવબાઇ—કામણગારી કામની, બોલે મીઠાં બોલ;
જીવતાં ખાશે કાળજું, મુવા નરકને તોલ.

(કાનુડાની દેશી-એ રાગ.)

કામની કામણગારી હો જીવડા, કામની કામણગારી. ટેક.
નારી દર્શન દુઃખકારી, હો જીવડા, કામની કામણગારી.
મોહ ઉપજાવણહારી, હો જીવડા, કામની કામણગારી.
લટકાં કરી તુંને લાચાર બનાવે; (૨)
એવી છે અબળા નારી. હો જીવડા૦
મીઠે મધુરે તુને વચને બોલાવે; (૨)
તેમ તેમ તુજને પ્યારી હો જીવડા૦
આંખને ઉલાળે ને મોંને મરકડે; (૨)
દીએ પુરૂષને ગાળી. હો જીવડા૦
મનની છે મીઠી ને દીલની છે જુઠી; (૨)
છેડીએ તો નાગણ કાળી. હો જીવડા૦

કુંકો કુંકીને જેમ ઉદર કરકોલે; (૨)
તેમ નરને કરકોલે નારી. હો જીવડા૦
ભારે ઘરેણાં ને લુગડા પહેરાતાં; (૨)
તોય જુવે પાછું પાછું વાળી. હો જીવડા૦
નારી જો હોય કુશીઆરી. (૨)
તોપણ રાત અંધારવાળી. હો જીવડા૦
એવું જાણીને જે કામનીને છાંડશે. (૨)
તેને મળશે મુક્તિ લટકાળી. હો જીવડા૦
કરજોડીને કરતા વિનવે છે, (૨)
નારી તજે તસ બલીહારી. હો જીવડા૦

નારીના દુર્ગુણ વિષે દોહરા.

જડાવબાઈ—

વનિતા વેરણ વશ કરી, નરને કર્યો નિરાશ;
ડાહ્યા નર કપટા યુદ્ધે, નાખ્યા મોહને પાસ. ૧
મોહ લત્તાએ વીંટીયા, પ્રેમ બગીચા પાસ,
કપટી કુડી કામની, કર્યા નરો નીજ દાસ. ૨
કર પટ ખેંચ્યા કામની, કર કટાક્ષે કઠીન,
પ્રેમ જગ અસારીને, કરે નરો આધીન. ૩
ઉર ઉદર દેખાડવા, કરે ઉંચ નીચ પટ;
તેનાં બાણે વિંધીને, નરને કરે નીકટ. ૪
બળતી સગડી બાથમાં, લઈ બેઠો જગ જાણ;
જીવત લગે બાળ્યા કરે, મુવા નરકની ખાણ. ૫

તન બાળે શોણીત પીએ, સુખ નહિં દીવસ રેન;
પણ નર ઘાયલ થઈ પડયા, નારી બાણે નેન. ૬
હે નર! ઉત્તમ થઈ તજો, ખોટી કરી બુરી આશ;
બળીયા ગળીયા વશ થઈ, પડીયા દાસા પાશ. ૭
પણ નર કર જાણી નહીં, બુરો અનંગ અપાર,
જો રાખે નર વશ થઈ, તો તે બેડા પાર ૮
નહીં સમજ્યાં નર ખર બની, સમજ્યા તેહ સુજાણ;
ગેજે તે શીવપુરની, [illegible] લેશે લાખ. ૯

સ્ત્રીને શિખામણ.

(રઘુપતિ રામ હૃદયમાં રંજન,—એ રાગ.)

જડાવબાઈ—

શાણી શીખ સુણો બેની મારી રે, સાંત શીયળરૂપી શણગારી રે.
દેહ દીપે દિવ્ય તમારી રે, સુણો શિખ એ સુખકારી રે;
આત્મ અવગુણ દૂર નિવારી, સુણો બેની શિખ એ સુખકારી રે.
ભુષણ ભામીની ભડકા જાણો રે, અંગે અંબર ઓઢી પ્રમાણે રે;
શિયળ નિર્મળ વિણ દુખ ખાણો, સુણો બેની શિખ એ સુખકારી રે.
કર કંકણ હેમની ચુડી રે, પતિ પ્રેમ વિના નહિં રૂડી રે;
અંતે આવશે નરક કુંડી, સુણો બેની શીખ એ સુખકારી રે.
પતિ આજ્ઞા પ્રેમે પાળો રે, વળી કેશ અંબોડા વાળો રે;
સેંથો શિક્ષાનો શુભ ઉજાળો, સુણો બેની શીખ એ સુખકારી રે.
કંઠ મુકી પટેના હગા હાર રે, પતિ પ્રેમ પટકુળ સાર રે,
શિળ શણગાર શોભે અપાર, સુણો બેની શીખ એ સુખકારી રે.

ચોરી જાર ને ચાડીઆ તજી રે, ભગવંત તુલ્ય પતિ ભજીએ રે;
સુખકારી સદા સંપ સજીએ, સુણો એની શીખ એ સુખકારી રે.
કામ કુલટા કરનારી રે, જોગણુ માલણુ ને કુંભકારી રે;
સાસુ શીખા ઉરે અવિચારી, સુણો એની શીખ એ સુખકારી રે.
નીચ ઘરની નવી ગુજ લઇને રે, સાથણુ સોબતી ઘેલી થઇને રે;
પેટ ફોડી એકાંતે ન જઇને, સુણો એની શીખ એ સુખકારી રે.
કદી અધિકો ક્રોધ આવે, પર પુરૂષથી મીત્ર પ્રકોપે રે;
સતિ સાધ્વી શિયળ ન લોપે, સુણો એની શીખ એ સુખકારી રે.
કાણો કદંગો કદરૂપો રે, પતિ પ્રભુ જાણે સતિ સોય રે;
ભગવાન શ્રેષ્ઠ ગણે સદા એજ, સુણો એની શીખ એ સુખકારી રે.
એની એ શિખામણ સારી રે, પરપુરૂષ પ્રેમ નિવારી રે;
પ્રેમે પતિ ભક્તિ અંગીકારી, સુણો એની શીખ એ સુખકારી રે.
કહે મુનિ મણિલાલજી મોદ રે, સુણો બ્રહ્મજ્ઞાન પરમ પ્રમોદ રે;
રહી પડધરી ગામ વિનોદે, સુણો એની શીખ એ સુખકારી રે.

પર સ્ત્રી ત્યાગ કરવા વિષે.

(હરી ભજન વિના દુઃખ દરીયા સંસારનો પાર ન આવે—એ રાગ.)

જડાવબાઇ -

સુણ ચતુર સુજાણ, પરનારી શું પ્રીત કબુ નવ કીજીએ.
હરિ જેણે પરનારી શું પ્રીત કરી, તેને દેહે દુઃખ થાય ઘણી;
તેણે કુળ મરજાદા કાંઈ ન ગણી, સુણ ચતુર સુજાણ.
તારી લાજ જશે નાત જાતમાં, તું તો હળવો પડીશ સહુ સાથમાં;
એ ધુંવાડો ન આવે હાથમાં, સુણ ચતુર સુજાણ.

હાંરે સાંજ પડે રવિ આથમે, તારો જીવ ભમરાની પેરે ભમે;
તુંને ઘરનો ધંધો કાંઇ ન ગમે, સુણ ચતુર સુજાણ.
હારે તું જાઇને મળીશ દુતીને, તારૂં ધન લેશે સર્વે ધુતીને;
પછે રહીશ હૈયું કુટીને, સુણ ચતુર સુજાણ.
તું તો બેઠો મુછો મરડીને, તારૂં કાળજુ ખાશે કરડીને;
તારૂં માસ લેશે ઉતરડીને, સુણ ચતુર સુજાણ.
હારે તુંને પ્રેમના પ્યાલા પાઇને, તારાં વસ્ત્ર લેશે વાહીને;
તુંને ખોખું કરશે ખાઇને, સુણ ચતુર સુજાણ.
હારે તું તો પર મંદીરમાં પેશીને, તિહાં પારકા સેજે બેસીને;
તેં ભોગ કર્યા ઘણુ હેંસીને, સુણ ચતુર સુજાણ.
હારે જેમ ભુજંગ થકી ડરતા રહીયે, તેમ પરનારીને પરહરીએ;
હારે ભવસાગર ફેરા નવિ ફરીએ, સુણ ચતુર સુજાણ.
વાલા પરણી નારીથી પ્રીત સારી, એ માથું વઢાવે પરનારી;
તમે નિશ્ચે જાણુંને નિરધારી, સુણ ચતુર સુજાણ.
એ સદ્ગુરૂ કહે તે સાચુ છે, તારી કાયાનું સર્વ કાચું છે;
એક નામ પ્રભુનું સાચું છે, સુણ ચતુર સુજાણ.

શીયળ વિષે શિખામણ.

(ભેખરે ઉતારો રાજા ભરથરી–એ રાગ.)

જડાવબાઇ—

પાળો શીયળવ્રત ભાવશું, આણી મનમાં હુલ્લાસજી;
ઇહ લોકે સુખ સંપદા, પામે લીલ વિલાસજી. પાળો.

વેષ્યા બાળ કુમારિકા, વિધવાનો પરીહારજી;
મશ્કરી પણ કરવી નહિં, નજર ન મેળવો તારજી. પાળો.
સંધ્યા પ્રભાતેજ ત્યાગીએ, અહાર નિંદ્રા ને ભોગજી;
શાસ્ત્ર સઝાય ન કીજીએ, જો ઇચ્છિો સુખ લોકજી. પાળો.
આહારથી વ્યાધિજ ઉપજે, નિદ્રાથી ધનનો નાશજી;
કુરજ ગર્ભ થાય ભોગથી, શાસ્ત્ર ભણે મર્ણ તાસજી. પાળો
પરનારી શું મળવું નહિં, કદી એકાંત માંયજી;
આળ ચડે જન લોકમાં, શિયળ વ્રત નસાયજી; પાળો.
પરનાં વીવા નાતરાં, મેળવશો નહિ ભાઇજી;
અતિ અભિલાષ ન રાખવી, ભોગ ઉપરે કહાયજી. પાળો.
માત બેટી બેન તાહરી, તેવી પરનારી ધારજી;
પર્વ દિવસ શિયળ ખંડતા, અશુભ ગતિ અવતારજી પાળો
દ્રષ્ટે દ્રષ્ટી ન મેળવો, રોજ સરસ અન્ન ત્યાગજી;
આસન એક શોભા તજો, જો હોય શીયળપર રાગજી. પાળો.
નવ લાખ ગર્ભ વાસના, સમુર્છિંમ જીવ અસંખ્યજી;
હિંસા શિયળજ ખંડતા, એમ જાણી ન જંખ્યજી પાળો.
એક દિવસ શિયળ પાળતાં, ખટ માસ તપ થાયજી,
સુખ બુદ્ધિ બળ વાધે ઘણું, કાળ સકળ સિદ્ધ થાયજી. પાળો.
અંધ વિષ કન્યા વિધવા, વ્રત ભાંગે તેહ થાયજી;
નરક તણું એહ બારણું, પરનારીજ કહેવાયજી. પાળો.
ચિંતામણિ સમ શિયળ છે, મંનવંછીત દેનારજી;
ગિરધારીરિખ એહ પાળતાં, પામે ભવજળ પારજી. પાળો.

બોધ લાયક ઉપદેશી કવિતા.

(પુનમ ચાંદની ખીલી પુરી અહિં રે,—એ રાગ.)

જડાવબાઈ—

હેતે ભજી લે તું નિરંજન નાથને રે,
જેથી ટળશે તારાં ત્રિવિધીનાં તાપ, હેતે ભજી લે તું. ટેક.
જેથી રોગ ભોગનાં, સોગ સર્વે નાશી જશે રે;
એવું સુંદર ટાણું, ભજવાને ભગવાન. હેતે ભજી લે તું. ૧

સાખી—પરનિંદાને પરહરી, આતમ નિંદા આણુ;
જુઠી બાજી જગતની, નિશ્ચે મનમાં જાણુ.
ગયો અવસર નાણું ખરચે નહિં મળે રે,
માટે ચેતી લે તું, ચતુર સુજાણ. હેતે ભજી લે તું. ૨

સાખી—ભવાબ્ધિમાં ભટક્યો બહુ, અટક્યો નહિં એક વાર;
રંગ ભોગની રમતમાં, ગમત ગણી સુખકાર.
રમતાં જમતાં ભમતાં કાળ અનંતો કાઢીઓ રે,
પણ આવ્યું નહિં ભવ તરવાનું ભાન. હેતે ભજી લે તું. ૩

સાખી.

જોગી બન્યો જંગમ બન્યો, પણ બાવો બન્યો બહુ વાર;
સન્યાશી સાધુ બન્યો, પણ આવ્યો નહિં ભવપાર.
મોહ મમતા તુજ મનમાંથી ટળી નહિં રે,
વળી નહીં તુને સમતા લગાર. હેતે ભજી લે તું. ૪

સાખી.

સમતાથી મમતા તજી, નમતા રહી નિશદિન;
ભમતાં ભવમાં નવ ભમી, સદ્ગુરુ વચને લીન.

શાંત રહેશે જેથી નિશદિન, સંત સમાગમ કીજીએ રે;
નવ દીજીએ અન્યને એકે આળ હેતે ભજી લે તું. ૫

સાખી.

ક્રોધ માન મદ લોભને, તન મનથી કરો દૂર;
ક્ષમા ખડ્ગ કરમા ધરી, કર્મ કરો ચકચૂર.
એથી ભવ ફરવાનું, સંકટ સર્વે ભાંગશે રે;
પરમ ધર્મથી થાશે પરમાનંદ, હેતે ભજી લે તું. ૬

સાખી.

નગર વસો જંગલ વસો, વસો ફરી નગ માંય;
અંતર મેલ ગયો નહિં, તો કર્મ કદી ન કપાય.
રાગ દ્વેષનો રંગ ઉમંગે ટાળજે રે,
કહે નાનચંદ મુનિરાય, હેતે ભજી લે તું. ૭

ઉપદેશી લાવણી.

(મુજ ઉપર ગુજરી,—એ રાગ.)

જડાવબાઈ—

ગુરૂ મુખથી સુણીએ, બોધ શોધની અરજી;
તે સંભળાવું જો હોય, સર્વની મરજી. ૧
મળ્યો મનુષ્યનો અવતાર, વાર શિદ કરવી;
સત્ ગુરૂની વાણી, હૃદયકમળમાં ધરવી. ૨
આ આર્ય ક્ષેત્ર કુળ, ધર્મ શિરોમણી પામી;
શુદ્ધ ધર્મ કામમાં, શીદ લગાડો ખામી. ૩

આ જાળ જગતમાં, પ્રમાદથી પથરાણી;
તે નીકટ જાળ પર, પડીયા પામર પાણી. ૪

એ જાળ મહા વિકાળ, પાય નવ ધરવો;
ઘડી ભરનો નવ વિશ્વાસ, કદી પણ કરવો. ૫

નિત્ય મેલ ઉતારો, મમત ભરેલા મનનો;
નથી ઘડી ભરૂંસો, માણુસ રણુવિન તનનો. ૬

જેમ ઉદય થયો દીન નાથ, આથમી જાશે;
તેમ પંખી વિણુ દિન એક, પીંજર થાશે. ૭

આ તજી અવસરને, આળસમાં અથડાશે;
તે ખરચી ખુટે ખોટ, ખરેખર ખાશે. ૮

કદી પુર્વ પુન્યથી, સકળ સંપદા પાવે;
પણ સમય સમજજો, ગયો ફરી નહિ આવે. ૯

કરો ધર્મ તણો ઉદ્યોત, ધરમ જન ધારી;
તે લાભ મેળવે જીન, કહે અપરંમપારી. ૧૦

પારકી આશા ન કરવા વિષે.

(રાગ—આશાગોડી.)

જડાવબાઇ—

આશા અવર તણી નવ કરીએ, આશા અવર તણી નવ કરીએ.
કલ્પતરૂને કનક પ્રમાણી, મુરખપણે નવ મરીએ. આશા.
ચિંતામણિને ચકમક જાણી, ભીખે પેટ શું ભરીએ. આશા.
શકયો ધર્યો નહિ સિંહ સ્વરેથી, ડેડક બોલ્યે શું ડરીએ. આશા,

ઉત્તમ નાવ તજી ઉદધીમાં, ઉપલ ગ્રહી ના ઉતરીએ. આશા.
ફેદ ફેસાવણુ ફાની જગતની, ફીકર તજીને ફરીએ. આશા.
આત્મજ્ઞાન અમીરસ જળને, પલ પણ નવ પરહરીએ. આશા.
શૂરા થઈ શત્રુની સામે, પાછાં પગલાં નવ ધરીએ. આશા.
નાન કહે નહીં આશ ધરીને. અવર કને ઉચરીએ. આશા.

સંસારની માયા સર્વે જૂઠી છે—એ વિષે.

(રાગ—વનજારો.)

જકડાવણબાઇ—

સુણો સુજ્ઞ શ્રાવકો ભાઈ, સર્વ જુઠી છે રે સગાઈ;
જુદો જીવ પડશે જ્યારે, કોઈ સંગ ન આવે ત્યારે;
સાથે પુણ્ય પાપ દો ભાઇ, સર્વ જુઠી છે રે સગાઈ. સુણો. ૧
માત તાત સ્વારથીયા જાણો, એ વેણુ ધ્યાનમાં આણો;
રહેશે જગતમાં ભલાઈ બૂરાઇ, સર્વ જુઠી છે રે સગાઇ. સુણો. ૨
છે રંગ પતંગી કાયા, ખોટી ધન બાદલની છાંયા;
વસુ માટે વઢે સહુ ભાઈ, સર્વ જુઠી છે રે સગાઈ. સુણો. ૩
માટે કાળ ક્રોધને છોડો, ચિત્ત વિતરાગ માર્ગમાં જોડો;
તેથી થશો સદા સુખદાઇ, સર્વ જુઠી છે રે સગાઇ સુણો. ૪
સંસાર અસાર સૌ જાણો, કરી ધર્મ મુકિત સુખ માણો;
રાખો સર્વ સાથ સગાઇ, સર્વ જુઠી છે રે સગાઈ, સુણો. ૫

સ્વાર્થી સંસાર વિષે.

(રાગ—કલ્યાણ.)

જડાવબાઈ—

સર્વ બંધુઓ, સુણો નમ્ર વિનતિ, સુહિત ચાહી આપનું, વદું યથામતિ. ટેક.

સૂત્ર સાંભળો, કરો પ્રતિક્રમણા, સામાયક ધરી પ્રીત;
રાગ દ્વેષ સૌ વ્યર્થ ગણીને, કરો ધર્મ ખચીત. સર્વ બંધુઓ. ૧
દુષ્ટ વાંછના હિંસા તજવા, ધરો ધર્મનો પ્યાર;
નહિંતો ભવના ફેરા ફરવા, પડશે અપરંપાર. સર્વ બંધુઓ. ૨
રાગ દ્વેષ એ મૂળ ધર્મનું, ચૂકવે ધર્મનું ધ્યાન;
પાપ કરી સર્વ પ્રપંચ તજીને, ધર્મ રહો ગુલતાન. સર્વ બંધુઓ. ૩
ધન દોલતને માલ ખજાના, સાથે નહિં જનાર;
સગા સંબંધી સહુ ટળવળશે, અલ્પ વાર પરિવાર. સર્વ બંધુઓ. ૪
કાળ આવીને કંઠજ ઝાલશે, ચેતોને આ વાર;
કરજોડી કર્તા વિનવે છે, સ્વારથનો સંસાર. સર્વ બંધુઓ. ૫

પરસ્ત્રી વિષે.

(માન તજી દેને તુ મુરખા,—એ રાગ.)

જડાવબાઇ—

વિષય તજી દે તુ જીવડા, તેથી સુખ અપાર. ટેક.

પ્રેમ બાંધ્યો પર પ્રેમદા, તેના કેવા હાલ;
ઘર લૂંટી સઘળું લીએ, કરે બરા બેહાલ. વિષય. ૧

ધન ખાઈ ધક્કા દેશે, કાઢે ઘરથી બહાર;
તોય અંધ સમજ્યો નહિં, ધરે રાગ અપાર. વિષય. ૨
વિષ વિષય પાને કરી, થયો તું બેભાન;
અંગ કળે લોહી બળે, સમજ્યો નહિં હેવાન. વિષય. ૩
શ્વાનનું તાનજ લાગીયું, અસ્તી ચુસવા જાય;
રૂધીર પોતાનું ચાખતાં, મનમાં હરખાય વિષય. ૪
સ્ત્રી લોભે પડયા બાપડા, તેને નિદ્રા ધુ જાય;
લોહ પનોતી છાતીએ, બેઠી મુઝાવે કાય. વિષય. ૫
રાજા જાણે તવ દંડ કરે, પુરે કેદની માંય;
લોક સકળ જોવા મળે, સભામાં પત જાય. વિષય. ૬
કાળ કરી અહિંથી ચવી, પહોંચે જમને દ્વાર;
લોહ તપાવી પુતળી, ચાંપે હૃદય મોઝાર. વિષય. ૭
તે માટે ભળી પ્રાણીયા, છોડો પરનારી સ્નેહ;
કહે મુનિ મણીલાલજી, માઘ માસમાં તેહ. વિષય. ૮

જડાવબાઈ—

બોલમાં બોલમાં બોલમાં રે,
અરિહંત વિના બીજું બોલમાં.
સાકરના સ્વાદને છોડી દઈને (૨),
વિષના પ્યાલા ઘોળમાં રે. **અરિહંત.**
કલ્પવૃક્ષને મૂકી તું વેગળું (૨),
બોરડી બાવળને છોલમાં રે. **અરિહંત.**
ગુરૂજ્ઞાન અમીરસ પ્રવાહને (૨),
ધારી ખારૂં ધારી ઢોળમાં રે. **અરિહંત.**

સત્ સમાગમ ધર્મ કરીને (૨),
કર્મના ઝપાટા ઝાલમાં રે. અરિહંત.
ભાવના ચંદનને અળગુ કરીને (૨),
રાખ થકી તારૂં મુખ રોળમાં રે. અરિહંત.
કેશર કસ્તુરીની સુગંધ નહી લેતો (૨),
ગંધ ભરી ગંદકી ખોળમાં રે. અરહિંત.
નાન કહે ત્રણુ તત્ત્વને છોડી (૨),
ચાર ચોકડીથી તારૂં નામ બોળમાં રે. અરિહંત.

(અચાનક આ શો કોપ કીધો કીરતાર,—એ રાગ.)

જડાવબાઇ—

અખંડ અરૂપી જેનો અચળ અવાસ,
એવા અજ હરી પાસે કરૂ અરદાસ.
મમતના મંદીરમાં પ્રભુ હુ ચડયો,
પ્રબળ પ્રમાદ કેરો પાસમા પડયો.
ચોવીસ દંડક જેમાં ચાર છે ગતિ,
અંધ બની એ માંહિ હું આથડયો અતિ;
અનીતિને અહોનિશ ઉરમાં ધરી,
જીંદગીમાં જીવ દયા જાણી ના જરી.
ક્રૂરપણે કપટના કામ મેં કર્યાં,
દયા વિણુ અપાર આરંભ આદર્યા;
મહા મોહ કેરા પાસમાં મચી રહ્યો,
અવસર ભવ ગહને ગયો.

હરખ ધરી પર પ્રાણને હર્યાં,
કેવળીનાં કથનો ન કાનમાં ધર્યાં.
ફુલણુ બનીને ફના ફંદમાં ફર્યો,
ઉત્તમ વિચાર અંગમાં ન ઉતર્યો.
પાપને પ્રમાણ વિણ પ્રભુ મેં કરી,
ભવોદધીમાં ઉંડો ગયો ઉતરી.
વિઘ્નહરણ પતિ વર વાસના,
અઘહર અઘહરજી અર દાસના.
સંતનો સેવક તો કહે કરુણા કરો,
કૃપા કરી જન્મ મરણને હરો.

કર્મની રચના વિષે.

(નાથ કૈસે ગજકો બંધ છોડાયો,—એ રાગ.)

જડાવબાઇ–

સઘળી કર્મ તણી છે કમાઇ, કરમે કરમે રમત રમાઈ. સઘળી. ટેક.
કર્મ તણો જ્યાં કોપ થયો ત્યાં, ચાલે નહિ ચતુરાઈ;
રાજ રિદ્ધિ ને વૈભવ સઘળો, વહાલા જાયે વીંખાઈ. સઘળી. ૧
રાજા તે તો રંક બને છે, રંક કરે રાજાઈ;
નિર્ધન તે ધનવાન બને છે, મોટા મહેલ બનાઈ. સઘળી. ૨
શેઠ બિચારા વેઠ કરે છે, ધાન જડે ના ધરાઈ;
ચાકર જન તે ઠાકર થાવે, સેજે મળે છે શેઠાઈ. સઘળી. ૩
વિષ ભરેલી વેશ્યા પાસે, સરસ બહુ સરસાઈ;
શિયળ તણી ઘર નાર સતી જે, દુ:ખમાં ગયેલ ડુબાઈ. સઘળી. ૪

જોઇએ તેને જરૂર જડે નહિ, એવી છે અવળાઈ;
કરમ શરમ વિણુની કુદરતને, જાય ન કોઈ કળાઇ. સઘળી. ૫
પૈસા હોય તો પુત્ર મળે નહિ, પુત્ર સહિત નહિં પાઈ;
રાગ હોય તો રંગ મળે નહિ, સંગ નહિ સુખદાઈ. સઘળી. ૬
સુઘડ નરને સંખણી નારી, તનડું બને તવાઈ;
નારી પદ્મણી માલ વિના નર, ભવ સાગરની ભવાઈ. સઘળી. ૭
પંડીત શાસ્ત્ર ભણેલા ભટકતા, ભૂતળ ઉપર ભાઈ;
મુરખ જન જે માલ વિનાના, બેઠા તકીયા બિછાઈ. સઘળી. ૮
એક ઘેર ગીત ગાન ગવાયે, બીજે ઘેર કાણુ મંડાઈ;
પુરણ માસ થયા નહિ પરણ્યાં, રાંક સમી રંડાઈ. સઘળી. ૯
જે સ્થળ પર ગીત ગવાતા, તે સ્થળે પીટ પીટાઈ;
માંડવડામા માલ કર્યો તે, ખરચ્યે ગયો ખવાઈ. સઘળી. ૧૦
ઘટમાં રહેશે ઘટના ઘડેલી, જ્યારે આંખ મીચાઈ;
માન મિજાજ મમત મસ્તાઈ, સુતી રહેશે સફાઇ. સઘળી ૧૧
શુભાશુભ કર્મના ઉદયથી, એકે જડે ના ઉપાઇ;
નાન મુનિ કહે જામનગરમાં, ચોમાસું રહી આઇ સઘળી. ૧૨

કોઈ કોઇનું નથી એ વિષે.

(મહેતાજીરે શુ મહી મુલ બતાવુ-એ રાગ.)

જડાવબાઈ–

મનવારે માની લે તુ મારૂં, ખરે કોઇ નથી અહી તારૂં.
આ જૂઠી જગતની બાજી રે, તે દેખી થયો શું રાજી રે;
માથે મોત નગારૂં રહ્યું ગાજી રે, નહી છાજીએ મેલી જવું આધીયારૂં.
ખરે કોઈ. ૧

તું ડર્યોના કોઈના ડરથી રે, તુજ પ્રાણ જશે પીંજરથી રે,
પુન્ય દાન કર્યું નવ કરથી ર, તે પરથી રે દુઃખડું ઉપજનારૂં;
ખરે કોઇ નથી અહિં તારૂં, મનના ર માની લેને તું મારૂં.

ખરે કોઈ. ૨

ધન દોલત માલ ખજાના રે, પ્રાણ ગયે પડયાજ રહેવાના રે,
માલ કાયશું મફત મજાનો રે, થાતું દાનોરે કોણ જગતમાં તારૂં.

ખરે કોઈ. ૩

સુત સુદર ને વળી દારા રે, વળી મંદીર મોહનગારા રે:
અંત સમયે સમજજે ખારા રે, બંધુ મારા રે, સમજીજા તે સારૂં.

ખરે કોઇ. ૪

મેલ મોજમજા મન ગમતા રે, મનનાં દમા રાખોને સમતા રે:
જેથી નીર ચાલે નમતા રે, નાગર કહે છે કર ન્યારૂ રે. ખરે કોઈ. ૫

(જોડલું નવ જોવું માડી, જોડલું નવ જોવુ માડી—એ રાગ.)

જડાવબાઇ—

વાત કહુ વૈરાગી વાલા (૨), ચેતન કેરી તજી ચતુરાઈ, શું સુવે ચાળા.
ખેર અંગારા શીર ધરીયા (૨), ગણ્યા નહિં ગુણી ગજસુખમાળે,
જ્ઞાન વિષે ગરીયા. વાત કહુ. ૧
સુકોમળ સિહણથી મરીયા (૨), હીમત ધરી હદ પાર,
પાર વિણ સાગરથી તરીયા. વાત કહુ. ૨
મુનિ મેતારજ શીવ વરીયા (૨), કુરકટ પર કરૂણા કરી,
એવા દયા તણા દરીયા. વાત કહુ. ૩
મરણથી માત્ર નાહ ડરીયા (૨), સુરીકંતાએ સોમલ નખથી;
પ્રાણપતિ હરીયા. વાત કહું. ૪

શિયાળે શરીર સહુ ખાયા (૨), અવંતી સુકુમાર મુનિવર,
વર પદવી પાયા. વાત કહું. ૫
ઝેર તજી જ્ઞાન વિષે ઝીલ્યા (૨), ખંધક મુનિના શિષ્ય પાંચસેં,
ધાણીમાં પીલ્યાં. વાત કહું. ૬
તત્ત્વથી તર્યાં વળી તરશે (૨), મોહ મમતામાં બહુ મુઝાશે,
ભવસાગર ફરશે. વાત કહું. ૭
વિષયમાં કેમ રહ્યો વળગી (૨), અવળી કરી અવળાઇ,
મુરખ તુજ ઘર ઉઠયુ સળગી. વાત કહું. ૮
રાખમાં રતન કેમ રોળે (૨), નાનચંદ કહે કાંઠે આવ્યું,
નાવ કેમ બોળે વાત કહું. ૯
કરે છે તુ ધળ તણાં ધંધા (૨), પડળ વળ્યાં છે પાપ તણાં,
તે આળગાં કર અંધા. વાત કહું. ૧૦

(પીનાકી આ કોપ તમે શો કર્યો,—એ રાગ)

જડાવબાઇ—

તુ સાંભળ વાત શિખ મ્હારી, ગમે ના કહી તો મરજી ત્હારી
કમાઇ કમાઇ કમાણી કરી, ઉમંગે નહિં મુઠી ઉતરી;
તજી આવ્યા પુર્વ જન્મને વિષે, તજી જાવુ એવી રીતેજ દીસે.
વિચારો ઘડેલા ઘડાશે નહિં, ળહાર તે બહાર મંડી તે મંડી;
મરણુ જાન જોડી જીવો જે જશે, ધરમ ને ધ્યાન પછી શુ થશે.
મુકી મુકી જાવુ સહુ માલને, શરણુ તારે થાવુ અંતે કાળને;
ઉપાયો વિના તું અકળાશે અતિ, મહા રોગે તારી મુંઝાશે મતિ.
નહાશે નહિં વદનેથી જરી, મમત માનને મેલી જશે તુ મરી;

રમત ગમતમાંજ રહ્યો રાતો, ધરમના સ્થળે તો કદી ન ગયો.
ગુણી ગુરૂજીનો ન માન્યો કહ્યો, પલાળે પાપી તું પોચો ન થયો,
મુનિ નાન કહે માની જાને હજી, પવિત્ર તુ થાશે પ્રભુને ભજી.

ત્યારબાદ જડાવબાઈ દિક્ષા અંગિકાર કરવા માટે ગોરાણીજી પાસે ગયા તે વખતે ગોરાણીજીએ કરેલી કસોટી.

(લાલ મળવો આવ્યો, કેળાંની લુમુ લાવ્યો, મારી વવાણુ
ફલાલું તારે ઘેર છે,—**એ રાગ**).

ગોરાણીજી— અહાર મળે નહીં કેદી, એચાર ઉપવાસ થાય નંદા;
જડાવબાઈ. સંજમ ખાંડાની ધાર છે.

જડાવબાઈ—રોગ વ્યાધિ આવે, કેમ માસ લાઘણુ થાયે;
મારા સ્વામિ, સંજમ લેવાનો પ્યાર છે.

ગોરાણીજી—કડકડતી ટાઢજ વાશે, નહી તાપ થકા તપાશે,
જડાવબાઈ, સંજમ ખાંડાની ધાર છે.

જડાવબાઈ—તાપ તપનો કરશું, ટાઢને અળગી કરશું;
મારા સ્વામિ, સંજમ લેવાનો પ્યાર છે.

ગોરાણીજી—વિહાર અણુવણુ પાઈ, વિણ વાહન કરવા બાઈ;
જડાવબાઈ, સંજમ ખાંડાની ધાર છે.

જડાવબાઈ—વિદ્યાનુ વાહન કરશું, વિહારજ કરતાં ફરશુ;
મારા સ્વામિ, સંજમ લેવાનો પ્યાર છે.

ગોરાણીજી—ધૂપ તડકો માથે પડશે, પીવા ઉના પાણી જડશે;
જડાવબાઈ, સંજમ ખાંડાની ધાર છે.

જડાવબાઈ—એવા શીતળ છાંયે રહીશું, જ્ઞાન ગુલાબજળ પીશું;
મારા સ્વામિ, સંજમ લેવાનો પ્યાર છે.
ગોરાણીજી—શીર તણાની માળા, આ ખેચી લેશે તારા;
જડાવબાઈ, સંજમ ખાંડાની ધાર છે.
જડાવબાઈ—સમળા પરિસ્સા સહી !, જન્મ મરણના ફેરા ટાળશું;
મારા સ્વામિ, સંજમ લેવાનો પ્યાર છે.
ગોરાણીજી—એથી અધિકજ અઘરી, જૈન માર્ગની રીતિ છે ન્યારી;
શિર સાટે સાચવવો, ખાંડા ધારે સંજમને ભારી.

ત્યાર બાદ જડાવબાઈએ પોતાની દૃઢતા નિચે મુજબ ગાયનથી બતાવી.

(પ્રીય પતિ પરણી સહીયર, મારો પ્રેમ તો નહિં ભુલોને,—**એ રાગ.**)

જડાવબાઈ—

સાખી—સંસારી માયા બધી, મોહ જનક છે અપાર;
મારૂં મારૂં મુકતાં, મોહ ન છૂટે લગાર.

કરમાશે કંચન આ કાયા, પુષ્પના રૂપ જેવી;
સદ્ય ને સ્નેહથી, સંગાથ કરી લે ચરણો સેવી. કરમાશે. ૧
પાપના કામ કરતાં, પ્રાણી નહિં પાછા ફરતાં;
આવીને નડશે અંતે એજ, ક્યાંથી થાશે તરતા. કરમાશે. ૨
જાશે જો ધર્મ ભાઈ, તો થશે મુક્તિ ભાઈ;
સ્વાર્થિ સહુ સગું છે, મુર્ખ ભગની ભ્રાતા ભાઈ. કરમાશે. ૩

શ્રી ફકવીબાઈ કહે, એ બધું સાચું છે, પરંતુ દિક્ષા લીધા પછી જીંદગી રહે ત્યાં સુધી નેક, ટેક ને આચાર સહિત રહી, ધર્મ

પાળી, સર્વ જીવ પ્રત્યે સમભાવથી વર્તિ અરિહંત પ્રભુને ભજાય તો સાર્થક કહેવાય, નહિં તો ફોગટ ફેરા જેવું સમજવું.

ત્યારે જડાવબાઈ કહે છે, ગોરાણીજી! ટૂંકામાં બે બોલ આપની સેવામાં રજુ કરૂંછું તે કૃપા કરી સાંભળો:—

(અવતાર લઇને અવની માંહિ રમવા કુંવરની સાથરે, એ રાગ.)

અરિહંત નામ છે આ અવનીમાં, સ્વર્ગ સુખનું બારૂંરે:
લાગી લગની એ નામની મુજને, નહિં કરૂં હું ન્યારૂંરે. અરિહંત
દિક્ષા લઇ ત્યાગી વેશે ફરીશું, ગુરૂ તણું જ્ઞાન હૃદય ધરીશું,
જન્મ વૃથા નહિં હારૂં રે. અરિહંત.

સાખી.

મુજ ચિત્તમાં એ નામનું, રટણ રમે નિત્ય નિત્ય.
સાચું **મહાવીર** નામ છે, સહુનું એમાં હિત.

અવર જંજાળ છે સર્વ નકામી, ભજન કરૂ ભાવે ભગવંત ગુણ નામી,
એ વિણ સઘળું ખારૂં રે. અરિહંત

ગોરાણીજી:—

છે સંજમ ખાંડા ધાર જા માની, આપે તે દુઃખ અપાર લે જાણી.

જડાવબાઇ—

નહિં દુખ માનું કંઈ તેમાં, મુજ સર્વ સુખ છે એમાં,

ઉપર પ્રમાણે સર્વ ધર્મ ચર્ચા થયા બાદ જડાવબાઇએ દિક્ષા લઈ પોતાના આત્માનું સાર્થક કર્યું.

ગોંડલ સંઘાણીના સ્થાનકે ગુણવંત ગુણના ભંડાર મહાસતીજી શ્રી ૭ શ્રી કડવીબાઈ સ્વામી પાસે ટંકારાવાળા મહા સતી શ્રીજી ૭ શ્રી જડાવબાઈ સ્વામી અને ત્યાર પછી જેઓએ સંજમ અંગીકાર કર્યો તેમના સંબંધી જાણવા યોગ્ય હકીકત.

નંબર.	નામ.	જાત.	પિતૃપક્ષનું ગામ.	શ્વસુર પક્ષનું ગામ	જે ગામમાં દીક્ષા લીધી તે ગામનું નામ	સાલ તથા માસ.	દીક્ષા લીધી તે વખતની ઉમર	હકીકત.
૧	જડાવબાઈ	વાણીઆ (દશા શ્રી માળી.)	માણેકવાડું વાવડી (મોરબી (તાબે	ટંકારા	ટંકારા	૧૯૫૪ના માગસર	૨૩	દીક્ષા લીધા પછી ૭ ચોમાસા ગોંડલ ૪ રાજકોટ ૨ મોરબી ૨ પોરબંદર અને ૧ દીવબંદરનાં કર્યાં બોલચાલના થોકડા તથા .અધ્યયન ઘણાં મોઢે છે. વ્યાખ્યાન વાંચે છે. સુત્રસિ-

								હાંત વાંચવાનો તથા ભણવાનો ઉદ્યમ સારો છે.
૨	પુરીબાઈ	,,	વીરપુર (મોરબી તાબે)	મોરબી	ગોંડલ	૧૯૫૪ના વૈશાખ	૨૩	
૩	કેશરબાઈ	,,	ગોંડલ	ગોંડલ.			૩૨	
૪	જમલબાઇ	,,	મોરબી	મે.રબી	આમરણ	૧૯૫૭ના માહ	૨૫	
૫	ગલાલબાઇ	,,	વેકરી (ગોંડલ તાબે)	ખાખી-જાળીયા	ખાખી-જાળીયા	૧૯૫૭ના જેઠ	૨૫	
૬ ૭	ચતુરાબાઇ જડાવબાઇ	,,	સરધાર	સરધાર બાળ બ્રહ્મચારી.	સરધાર	૧૯૫૮ના માહ	૩૭ ૧૫	સરધારના રહીશ દોશી હીરાચંદ ખેતશીના પુત્રી બાઇ જડાવબાઇએ તેમના માતુશ્રી ચતુરાબાઇ સાથે આ સંસારને અસાર જાણી તરૂણ વયે બાળ બ્રહ્મચારી-

પણે સંજમ અંગીકાર કર્યો. ઉત્તરાધ્યયન દશવિકાલીક તથા બોલચાલના થોકડા અને છુટક છુટક અધ્યયન બીજા ઘણાં મોઢે છે. ઉપદેશ આપવાની શૈલી પ્રસંશાપાત્ર છે. શ્રોતાજનના મનને આનંદ આપનાર તથા સ્થિર રાખનારી છે. તેમનું વ્યાખ્યાન બહુજ અસરકારક અને સાંભળનારનું ચિત્ત હરનાર છે. આટલી તરૂણાવસ્થાએ તેમની વૈરાગ્યવૃત્તિ ખરેખર સ્તુત્ય (સ્તુતિપાત્ર) છે. તેની સાથે સંસ્કૃત ભાષાનો અભ્યાસ પણ સારો છે. લગભગ ૭ વરસ

								સુધી પ્રસંગોપાત શ્રમ લઈ ત્રણવતી° તથા પાંચ કાવ્ય શીખેલા છે. તેમજ ભણવા ગણવાનો ઉદ્યમ બહુજ સારો છે. દીક્ષા લીધા પછી ૭ ચોમાસા ગોંડલ, ૩ મોરબી, ૧ રાજકોટ, ૧ પોરબંદર, ૧ માંગરોળના કર્યા.
૮	રંભાબાઇ	,,	ગોંડલ	રાજકોટ	રાજકોટ	૧૯૬૦ના વૈશાખ	૨૨	ઉત્તરાધ્યયન દશવિકાલીક તથા બીજાસુત્રના કેટલાક અધ્યયન અને બોલચાલના થોકડા મોઢે છે. સૂત્ર સિદ્ધાંત વાંચવાનો ઉદ્યમ સારોછે.
૯	કસુંબાબાઇ	,,	રાજકોટ	રાજકોટ	ગોંડલ	૧૯૬૪ના ફાગણ	૧૯	દશ વિકાલીક તથા બોલ ચાલના થોકડા મોઢે છે. ભણવા

								ગણુવાનો ઉદ્યમ સારો છે.
૧૦	હેમકુંવરબાઇ	,,	રાજકોટ	મોરબી	રાજકોટ	૧૯૬૪ના વૈશાખ		રાજકોટવાળા મોતીચંદ ગોપાલજીના બ્હેન દશ વિકાલીકતથા બોલચાલના થોકડા મોઢે છે ભણુવા ગણુવાનો ઉદ્યમ સારો છે.
૧૧	દીવાળીબાઇ	,,	મોરબી	મોરબી	મોરબી	૧૯૬૭ના ચૈત્ર	૨૭	મોરબીવાળા સંઘવી દેવકરણ ફુલચંદના પુત્રી દશ વિકાલીક તથા બોલચાલના થોકડા મોઢે છે. ભણુવા ગણુવાનો ઉદ્યમ સારો છે.

વૈરાગી બાર માસ.

પ્રાણી **કારતકે** કરી લે વિચાર, કહોનેરે ક્યાંથી આવીયો,
મહા મણી સરખી મનુષ્યાદેહ, શાયે પુન્યે પામીઓ;
શુંરે દેહી ધર્યાનું પરમાણ, કાંઇક પુન્ય કીજીએ,
ધર્મકથા ને સ્મરણ હોય, ત્યાંહી કાન દીજીએ. ૧
પ્રાણી **આગશરે** મન માંહી, તારે મોહ બહુ થયો.
દેખી ધન દારા પરીવાર, હૈયડામાં હરખીઓ;
તેમાં શોભા છે દીન ચાર, તેમાં શુ વળગી રહ્યો,
કરી લે તરવા તણો ઉપાય, નહિંતર તું નિશ્ચે ગયો. ૨
પ્રાણી **પોષે** પકડશે કાળ, ત્યારે કોણ તાહરૂં,
તેથી ભજી લેને ભગવાન, મેલી હુ ને માહરૂં;
વિષય કષાયને કરી દૂર, સ્મરણ કર સ્વામીનું,
તેથી જમડા રહેશે દૂર, અંતકાળે કામનું. ૩
પ્રાણી **મહા** માસે પામ્યો મોહ, ભામનીકેરા ભોગમાં,
તેમાં શું રહ્યો લલચાઈ, વિષયોના રાગમાં;
માન બુદ્ધિ ને અહંકાર, હરખ વા ઉન્માદમાં.
તું તે તાણમાં ગયો તણાઈ, સમજ્યો નહિં ગુરૂ સાનમાં. ૪
પ્રાણી **ફાગણે** રહ્યો ફુલાઇ, જુવાની કેરા જોરમાં,
તારા શિરપર ફરે છે કાળ, લેજે પહેલા પો'રમાં;
જ્યારે જમડા માગશે જવાબ, અગ્નિમા ઉભો રાખશે,
માથે પડશે મુદ્દગળના માર, ઉંધે મસ્તક ટાંગશે. ૫
પ્રાણી **ચૈતરે** ચીત્ત રાખો, ગુરૂજી કેરા ચરણમાં,
જેથી ટળશે ત્રિવિધ તાપ, હુલાસે અંતઃકરણમાં;
એહવા સત્ય ગુરૂ સુખદાતાર, કરમને કાપશે,
મટાડશે જન્મ જરા ને જંજાળ, અભયપદ આપશે. ૬

પ્રાણી **વૈશાખે** વહી જાય, દિવસ તારા વાતમાં,
તું તો **રહ્યો** સંસારમાં લોભાઈ, વિષયની વાતમાં;
તારે પરનારી શું પ્રીત, પ્રીત નહીં પ્રભુ નામની,
પહોર આઠ ને ઘડી સાઠ, કલ્પના મન કામની: ૭
પ્રાણી **જેઠે** જીવતરને ધીક્કાર, જપ્યા નહી જગનાથને,
કરપી હાથે દીધા ન દાન, કાપશે તારા હાથને;
તારા શ્રવણ થયા શૂન્યકાર, સુણ્યો નહિ જૈન ધર્મને,
તારે માથે મોટાઇનો ભાર, જાણ્યો નહીં મર્મને. ૮
પ્રાણી **અસાઢ** માસે અનંત કરમ જીવે બાંધીયા,
તુ તો જાણતો નથી જગદીશ, ગુરૂને નવ આરાધીયા;
મિથ્યા સુખ ને મોટાઇ, મોટા પ્રભુને નથી પેખતો,
તારૂં અદસાળું અંતઃકરણ; તેને નથી દેખતો. ૯
પ્રાણી **શ્રાવણે** શીખ્યો ચઉદ વિદ્યાય, સમજ્યા વિના શું ફળે,
સાકર કીધે ન આવે સ્વાદ, ખાધે કાઢા ગળે;
તને લાગ્યો ચિંતાનો સંતાપ, દાઝે ત્રિવિધ તાપમાં,
તેથી નવ મટ્યો મનનો વિકાર, મુંઝાઇ રહ્યો આપમાં. ૧૦
પ્રાણી **ભાદરવે** કરોને વિચાર, અભ્યંતર રાખો ભક્તીમાં,
બીજુ મુકીને આળપંપાળ, મારગ પકડ મુક્તીનો;
જપો જીનવરજીના નામ, જોખો મટે જીવને,
મટી જાય સર્વે જંજાળ, પામ્યે શીવસુખને. ૧૧
પ્રાણી **આસોએ** હુલાસ, વૈરાગ્યરૂપિ મનમાં,
મુકી પર અવગુણ મદ માન, મગ્ન રહ્યો ધ્યાનમાં;
એમ સુણી બારે માસ, કરો પ્રાણી ધર્મને;
રૂપચંદ કહે ભવ જીવ, જાણી આતમરામને. ૧૨

ભજન.

ખબર નહિં આ જુગમે પલકી, સુકૃત કરના હોય સો કરલે કો
જાને કલકી.
યા દોસ્તી હે જગવાસી કાયા મંડલકી, શ્વાસ ઉશ્વાસ સમરલે સાહેબ,
આયુ ઘટે પલકી. ખબર.
તારા મંડલ રવિ ચંદ્રમાં, સબહે ચલનેકી;
દીવસ ચાર ચમતકાર, જ્યું વિજળીયા જળકી. ખબર.
કુડ કપટ કર માયા જોડી, કરી બાતા સબકી;
પાપકી પોટલી બાંધી શિર પર, કેયસે હુવે હલકી. ખબર.
આ જગ હૈ સ્વપનેકી માયા, જયસી બુંદ જળકી;
વિણસતા તો વાર ન લાગે, દુનિયા જાળ ખલકી. ખબર
માત તાત બંધવ સુત બાઈ, સબ જગ મતલબકી;
કાયા માયા નારી હવેલી, એ તેરી કબકી. ખબર
મન માનવ તન ચંચળ હસ્તી, મસ્તી હૈ મકૃતકી;
સદ્ગુરૂ અંકુશ ધરો શીર પર, ચલ મારગ સતકી. ખબર.
જબ લગ હંશા રહે દેહમેં, ખુશી આ મંગળકી,
હંસા છોડ ચલા જબ દેહી, મટીયાં જંગલકી. ખબર.
દયા ધર્મ સાહેબકો સમરણુ, એ ખાણુ સંતકી;
રાગ દ્વેષ ઉપજે નહીં જીનકુ, વિનંતિ અખમલકી. ખબર.

સયંમ આપ સુધારોરે સયંમી સાધુ, સયંમ આપ સુધારો રે.
વિતરાગી વેણુ વિચારો રે, વિચારો રે. સંયમી.

વેશ ધાર્યો પણ મારો ને તારો, માની બેઠા જો આ ધર્મ ધૂતારો;
તો તો છે નરક ઉતારો રે, ઉતારો રે. સંયમી.

સાધુ બનીને સુત્રજ ખોલો, અંધશ્રદ્ધાળુને શીખજ બોલો;
આપ અદલના તોળો રે, ના તોળો રે. સંયમી.

માન પકવાન છે પુરણુ પ્યારો, શુદ્ધ સચ્ચિદાનંદ કર્યો છે ન્યારો;
ત્યારે તરવાનો ક્યાં આરો રે, ક્યા આરો રે. સંયમી.

વેશ વૈરાગનો લેશ ન અંગે, રાગ ને દ્વેષ બેઉ છે સંગે;
રંગાયા પુદ્ગલીક રંગે રે, પુદ્ગલીક રંગે રે. સંયમી.

ઓસડ આ રંગે રંગે ઉતારો, આપ તરો ને પરને તારો;
પણ મૂંગો દઈ ના મારો રે, ના મારો રે સંયમી.

ઉઠ આળસ ઉડાડી રે, ઉડાડી રે, સંસારી ખેડુ ઉઠ આળસ ઉડાડી રે.
મોસમ એળે કાં ગાળો રે, કા ગાળો રે, સંસારી ખેડુ.

મનુષ્યાવતાર આવ્યું છે ચોમાસું, ધર્મનું ખેતર મળ્યું છે ખાસું;
દયાનું હળ હંકારો રે, હંકારો રે. સંસારી ખેડુ.

મોહ માયાના જામેલ જે પોડા, પોચા કરો મારી ભાવ હથોડા;
ભવરૂપી ખેડ સુધારે રે, સુધારે રે. સંસારી ખેડુ.

કર વિનાની આ ખેડ છે સારી, વાવો નિત્યે બે ઘડી સંભાળી;
મહોલ લે સ્વયં ઉપકારી રે, ઉપકારી રે. સંસારી ખેડુ.

ખેડ આ જો તુ ખોશે, મોશમ જાતા બી ક્યાંથી તું બોશે;
પછી પામર તું રોશે રે, તું રોશે રે. સંસારી ખેડુ.

તન પીંજર રૂપી શિખામણ.

(રાગ—આવરદા વ્યર્થ વીતાવી.)

પોપટ આરે પીંજર નહીં તારૂ,
અંતે ઉડી જાવુ પરબારૂ. પોપટ .ટેક.
છે પરનું પણ પરિચયથી તુ, માની બેઠા મારૂં;
ક્યાંનો તું ક્યાંનું એ પીંજર (૨)
એ સમજે તો સારૂં. પોપટ. ૧
માંસ રૂધીરમય અતિ દુરગંધી, નરક સમાન નઠારૂ;
તું તેને કંચનમય માને (૨)
આવડું શું અંધારૂં. પોપટ. ૨
બીજા જોયા એવુ આ પણ, નામે કેવળ ન્યારૂં;
સર્વ પ્રકારે સાચવ તોપણ (૨)
આખર છે પડનારૂં. પોપટ. ૩
સારાસાર વિચાર કરે તો, ભવસાગરનું બારૂં,
કેશવ હરી કારીગર તેનો (૨)
જીવ વિશ્વમાં સંભારૂં. પોપટ. ૪

સંસાર અસાર વિષે.

(રાગ—લાવી લાવી લાવી રે મહારાણી.)

જાણી જાણી જાણી રે,
મેં તો જૂઠી જગત રીત જાણી. ટેક.

જોબન તારૂં જરૂર જવાનું (૨),
થશે બધુ ધુળધાણી રે, મેં તો. ૧
સર્વેને એક દીન જાવું અચાનક (૨),
હોય રાજા કે ભલે રાણી રે, મેં તો. ૨
પરણ્યાને દીન પાંચ થયા ત્યાં તો, (૨),
ઓચિંતાની રંડાણી રે. મેં તો. ૩
એક ઘેર રૂડા ગીત ગવાયે (૨),
બીજે કાણુ મંડાણી રે. મેં તો. ૪
જેહ સ્થળે સ્ત્રીઓ મંગળ ગાતી (૨),
ત્યાં પીટણીઓ પીટાણી રે. મેં તો. ૫
લક્ષ્મીવંત તું હશે કદી તો (૨),
કરશે તુને તાણાતાણી રે મેં તો. ૬
કર્મ કઠણથી તું નિર્ધન બનીયો (૨),
પાશેર ન પાશે કોઇ પાણી રે. મેં તો. ૭
છતે બળે બળહીન બનીયો (૨),
અજ્ઞાનની એ અંધાણી રે. મેં તો. ૮
અનત જ્ઞાની એવા આતમ ઉપર (૨),
કર્મની છાલ છવાણી રે. મેં તો. ૯
જાણ્યા છતાં જોતો નથી જરીય (૨),
કરવી કેટલી કહાણી રે. મેં તો. ૧૦
સંત શિષ્ય કહે મુજને લાગે (૨),
વાલી તે વીરજીની વાણી રે. મેં તો. ૧૧

જીવને ઉપદેશ.

(રાગ—અરે શું માનવનો અભિમાન.)

અરે જીવ જીનવરનું ધર ધ્યાન, તડાકે તરી જશે રે,
ખરેખર મારૂ કહેવું માન, ફડાકે ફરી જશે રે;
ફડાકે ફરી જશે રે, તડાકે તરી જશે રે. અરે જીવ. ૧

અસાર આ સંસાર માંહી, કંઇ સાચા રે નથી,
લાલચમાં લપટાઇ મુરખ, તું શું રે મળી.
સમજી જા સેતાન. અરે જીવ. ૨

માત પિતાને બાંધવા, સ્વારથ સુધીના માનવા,
પ્રેમદા પ્રીતમને પ્યારીના, પણ એજ ખેલ પ્રમાણવા.
જ્યાં સુધી તુજમાં જીવ છે. ત્યાં સુધી તારા જાણવા.
મૂઆ પછી મસાણ ભણી, એ લાગે તુંને તાંણવા અરે જીવ. ૩

(રાગ—ઉપરનો.)

અરે જીવ ભમરા ભલ્યો ભાન, ભમ્યો ભવ રાનમાં રે,
ખરેખર નાચ્યો નટ નાદાન, ન થાકયો તાનમા રે;
માન ગુલતાનમાં રે. અરે જીવ. ૧

જળ તરંગ ઉછરંગ ખલકમાં, આ આ આ રે. અરે.
ચળ વાદળ વિખરાય પલકમાં, આ આ આ રે. અરે.
માયામાં મસ્તાન. અરે જીવ. ૨

સાખી—સંસાર સર આશા કમળમાં, કેદ મધુકર જીવડો;
ચીતે કરી પ્રભુ પ્રાર્થના, છુટું હવે ભાનુ ચડયો.
પણ કાળ ગજનલિની ઉખેડી, ચાવતાં ભમરો રડયો;
હતભાગ્ય હાર્યો તેમ માનવ, હારશે ભવ બાપડો.
અરે જીવ. ૩

સાખી—ઉધાન જળધિ પાન પળ, વિખરતા સો વાયદો;
જીવતર યથા જીવ જાણજે, એ કાળ કુદરત કાયદો.
ભજ પ્રાણીયા અરિહંતને, જે વૈદ્ય ભવ રોગો હણે;
આ છંદ સાકળચંદ માહાવીર મંડળી હરખે ભણે.
અરે જીવ. ૪

કરેલા કૃત્યનો પશ્ચાતાપ.

(રાગ—ઓધવજી સંદેશો કહેજો મારા નાથને.)

કરમ તણી કથની પ્રભુજી કયાં જઈ કરૂં,
તુજ વિણ પ્રભુજી મુજને નાહીં આરામ જો;
કોમળ મારી કાયા, કરમ કઠણ અર,
લલાટ લખ્યુ મિથ્યા નવ થાય જો. કરમ. ૧

હું પાપી પ્રભુ નરકાધિકારી થયો અરે,
મરણ સમય કાયા થર થર થાય જો;
આદિનાથને જેણે સંભાર્યા નહીં અરે,
તેનો એળે ગયો મનુષ્ય દેહ અવતાર જો. કરમ. ૨

પાપી પગલાં ભરતાં બીન્ચો નહીં અરે,
ષટ્ શત્રુએ ઘેર્યો મુજને આંહી જો;
સૌ સેવક વંદન કરી તુજને નમે,
નિરાધાર પ્રાણીને પ્રભુ તુજ તણો આધાર જો. કરમ. ૪

શ્રાવિકાને શિખામણ.

(આવોને નંદલાલ, રમવા આવોને રે—એ રાગ.)

શ્રાવિકા ધરીએ જો નામ, કરીએ કામ વિચારી. (૨) ટેક.

ભલે જવાય નહીં ધર્મ સ્થાને, કષ્ટ વિના રહેજો જાશો વિમાને;
પરહરો પરની નિન્દાને, ઘરની કીર્ત્તિ વધારી. શ્રા. ૧

સાસુ, સસરા, સ્વામીની સેવા કરવી, નણદી સાથે સંપીને પ્રીતિ ધરવી;
મીઠી વાણી મુખ ભરવી, પ્રેમ પતિવ્રત પાળી. શ્રા. ૨

સુંવાળી સાવરણીએ ઘર વાળી, વ્હેલાં ઉઠી પ્હેલાં પાણીને ગાળી,
સંખારો રાખો સંભાળી, રહેજો તરશો સુનારી. શ્રા. ૩

છાંયામાં છાણાને જત્નાથી પોંજો, ધાન્યે ધનેડાં ધરી ધ્યાન જોજો,
વિવેક રાખી વર્ત્તો જો, રહેજો તરશો સુનારી. શ્રા ૪

એઠાનાં ઠામ ઉઘાડાં ન રાખો, ઘી તેલમાં મરે જીવ લાખો;
આળસ અંગ ન રાખો, લાખો લાભ વિચારી. શ્રા. ૫

સંતાનોને ચાર શરણાં સમજાવો, દાન દયા દિલ ખૂબ ઠસાવો;
જન્મ ન આવો હરાવો, વાવો ધરતી રસાળી. શ્રા. ૬

ડાહ્યાં છતાં કેમ દેહ કુટાવો, ઝાઝા ઝંવરા વળી વવરાવો;
જાગ્રણ શાને જગાવો, ખાગા બગડે બિચારી. શ્રા ૭

શું થયું ધર્મના સ્થાને પડયાથી, હોંકારા હોંશેથી જી ! જી ! દીધાથી:
વલ્લભ વાતો વધ્યાથી, ક્યાંથી મુક્તિ થનારી. શ્રા. ૮

આત્માને શીખામણ.

(રાગ–ઝુલણા છંદ.)

ચેત તુ ચેત તું ચિત્તમાં આત્મા,
પ્રાણ પરલોકનો છે વિહારી;
બાજ તેતર પરે કાળ તાકી ભરે,
કાળ પણ કાળ છે રાત દાડી,
અથીર તન ધન ગણો, અથીર સુખ સાધનો,
અથીર સંસાર આ સીધુ ખારો;
જાગ્ય તું જાગ્ય તું જીવ નિદ્રા તજી,
અહરામે ધર્મનો મર્મ ધારો. ટેક.
જીવવું વર્ષ સત, આયુષ્ય કલ્લોલ વત્ત,
લોભનો થોભ નહી કોઇ કાળે;
સમયમાં ના સજે અંતમાં શું ભજે,
વાત પિત્ત કફ વિષે નાડ ચાલે;
વ્યાધિની વેદના શુદ્ધ નહી ચેતના,
તે સમે નવ ગમે ધર્મ સારો. જાગ્ય તું. ૧
અંધ નગરી ફરે, દ્વાર કર ના ચડે,
ખાજ આવે જતાં દ્વાર પાસે;
એમ ભમતાં જડયો, સ્હેજ આવી ચડયો,

મનુષ્ય ભવ દ્વાર આ વાર ભાસે,
રંક હાથે ચડ્યો, રત્ન ચિંતામણી,
રાગ વશ કાગનો હોય ચારો. જાગ્ય તું. ૨

જીવ નટ નાચીયો, નાચ ભવ ભવનમાં,
તદ્દપિ નહી વીરમ્યો કોઇ વેળા,
ચાર ગતિ વેદના છેદના ભેદના,
સ્વજનના વિરહને થાય મેળા;
માત પુત્રીપણે, પુત્રી દારાપણે,
ઉલટ ભવચક્રનો ભેદ ન્યારો. જાગ્ય તું. ૩

ક્યાથી અહિં આવવું, પ્રાણીયા ક્યાં જવું.
શુ કર્યુ આજ શુભ કામ જીવે;
એમ ધરી ધારણા પાપથી જે હઠે,
ભવ તરે જઈ સુધા સ્વાદ પીવે,
જ્ઞાનની વાતમા રાગ પરભાતમાં,
સાંકળે સાંકળ્યા આ વિચારો. જાગ્ય તું. ૪

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે જૈન ભાઈઓને વિનંતિ કરવામાં આવે છે, કે આ ચોપડી નીચેના સરનામે અરધા આનાની ટીકીટ બીડવાથી વિના મૂલ્યે મોકલી આપવામાં આવશે. આ લાભ ફક્ત શરૂ ૨૫ [illegible] મળશે. માટે તાકીદે મંગાવી લેવા વિનંતી છે.

મેતા રવજી નાગજી.

ઠે૦ [illegible] જુની [illegible]

કરાંચી.

તથા

માસ્તર રૂપચંદ ગોવર્ધનદાસ ગાંધી.

[illegible]—ગુજરાતી [illegible]—કરાંચી

